RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 115, Dt.24-07-2024 Wednesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# દક્ષિણ-મધ્ય ગુજરાતમાં મેઘ તાંડવથી ભારે તારાજી

## રાજ્યના ૩૩ જિલ્લાના ૨૦૬ તાલુકાઓમાં મેઘ મહેરઃ આણંદના બોરસદમાં ૧૨ ઈંચ, ઉમરપાડામાં ૧૧ ઈંચ, પલસાણા-ખેરગામમાં ૧૦ ઈંચ, બારડોલીમાં ૧૮ ઈંચ અને વ્યારામાં ૭ ઈંચ વરસાદ ખાબકયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજયનાં ૩૩ જીલ્લા ના ૨૦૬ તાલુકા ઓમાં મેઘરાજા છેલ્લાં ૨૪ કલાકથી હેત વરસાવી રહ્યા છે, જોકે દક્ષિણ ગુજરાત પંથકમાં તો મેઘરાજાનાં રોદ્ર સ્વરૂપનો પરચો જોવા મળી રહ્યો છે.

ઓછા સમય માં ભારે વરસાદ ને પગલે અનેક વિસ્તારો માં પાણી ફરી વળ્યા છે, સઘ પ્રદેશનાં દમણ તેમજ દાંડી અને તિથલનો દરિયો તોફાની બન્યો છે, બંધો અને જળાશયોની જળ સપાટી સતત વધતા ડેમોનાં દરવાજા ખોલી સાવચેતીનાં ભાગ રૂપે મોટી માત્ર માં પાણી છોડાય રાહિયુ છે, લોકમાતા ઓ ગાંડીતૂર બની છે, જોકે વહીવટી તંત્ર સતત ખડેપગે ઊંભુ છે.

ભારે પાણીની આવકને પગલે દમણગંગાનાં મધુબન ડેમનાં ૧૦ દરવાજા ખોલી મોટી માત્રામાં પાણી છોડવા ની તંત્રને ફરજ પડી છે, વલસાડ પંથક ની ઓરાંગા અને વાંકી નદી બે કાંઠે વહેવા લાગતા એન ડી આર એફની ટીમ હાઈ એલર્ટ ઉપર રખાઈ છે, ઉંમરગામ નાં દરીયામાં તણાયેલ યુવક નો મૃતદેહ આજે મળેલ છે.





સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત બાદ આખરે મેઘરાજાની સવારી મધ્ય ગુજરાતમાં આવી પહોંચી છે. વડોદરા, ભરૂચ, આણંદ, નર્મદા અને છોટા ઉદેપુરમાં જિલ્લામાં સારો એવો વરસાદ વરસી રહ્યો છે. આણંદના બોરસદમાં ૪ કલાકમાં ૧૨ ઈંચથી વધુ વરસાદ નોંધાઈ ચૂક્યો છે.

આજે બપોરના ૧૨ વાગ્યા સુધીમાં ૧૬૭ તાલુકામાં વરસાદ નોંધાઈ ચૂકયો છે. આણંદના બોરસદમાં ૧૨ ઈંચથી વધુ, નર્મદાના તિલકવાડામાં ૬ ઈંચથી વધુ, ભરૂચમાં સાડા ૬ ઈંચ, નસવાડીમાં ૫.૨ ઈંચ, ઝઘડિયા, હાંસોટ, નાંદોદ અને અંકલેશ્વરમાં સાડા ૪ ઈંચ વરસાદ ખાબક્યો છે. રાજ્યના કુલ ૨૪ તાલુકામાં ૨ ઈંચથી વધુ વરસાદ, ૫૪ તાલુકામાં ૧ ઈંચથી વધુ વરસાદ જ્યારે ૧૧૩ તાલુકામાં સામાન્યથી ૧ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે.

# નેપાળમાં ભયંકર દુર્ઘટનાઃ પ્લેન ક્રેશ થતાં ૧૮ લોકોના મોત

## કાઠમંડુના ત્રિભુવન ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ઉડાન ભરતાં જ પ્લેનમાં આગ લાગી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

નેપાળની રાજધાની કાઠમાંડુમાં એક વિમાન ક્રેશ થઈ ગયું છે. પ્લેનમાં હાજર ૧૯ લોકોમાંથી ૧૮નાં મોત થઇ ગયા છે. ત્યાં જ, ઘાયલ પાઇલટ કેપ્ટન એમ. શાક્યને ગંભીર સ્થિતિમાં હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા છે. પ્લેન કાઠમંડુથી પોખરા જઈ રહ્યું હતું.



પ્લેને સવારે લગભગ ૧૧ વાગ્યે ત્રિભુવન એરપોર્ટ પરથી ઉડાન ભરી. તેના થોડાં સમયની અંદર જ તે ક્રેશ થઈ ગયું. ૯ગ-અખઊ પ્લેન સૌર્ય એરલાઇન્સનું હતું. દુર્ઘટનામાં માર્યા ગયેલાં લોકોમાંથી ૧૭ સોર્ય એરલાઇન્સના જ સ્ટાફ હતા, જ્યારે અન્ય ૨ ક્રૂ-મેમ્બર્સ હતા.

કાઠમંડુ પોસ્ટના જણાવ્યા પ્રમાણે, દુર્ઘટના પછી તરત જ પોલીસ અને ફાયર ફાયટર્સની ટીમ ઘટનાસ્થળે રેસ્ક્યૂ-ઓપરેશન માટે પહોંચી. ન્યૂઝ એજન્સી ડ્ઝઈના જણાવ્યા પ્રમાણે, એક સુરક્ષા અધિકારીએ જણાવ્યું કે ક્રેશ દરમિયાન વિમાનમાં આગ લાગી ગઈ હતી. પછી તેને તરત જ ઓલવી દેવામાં આવી હતી.

વિમાન સૂર્યા એરલાઈન્સનું હોવાનું સામે આવ્યું છે. કાઠમંડુમાં આવેલા ત્રિભુવન ઈન્ટરનેશનલ એરપોર્ટ પર આ દુર્ઘટના સર્જાઈ હોવાની માહિતી છે. આ વિમાન પોખરા માટે ઉડાન ભરી રહ્યું હતું. વિમાનમાં ફક્ત એરલાઇન્સનો ટેક્નિકલ સ્ટાફ હોવાની માહિતી મળી રહી છે. જોકે તેમાં કોઈ મુસાફર મુસાફરી કરી રહ્યું નહોતું. આ માહિતી ખુદ એરપોર્ટના ઈન્ફર્મેશન ઓફિસરે આપી હતી. વિમાન જેવું જ ક્રેશ થયું તો જાણે આગના ગોળામાં રૂપાંતરિત થઈ ગયું હતું અને એકાએક ધુમાડાના ગોટેગોટા આકાશમાં સર્જાયા હતા.

સૂત્રોના જણાવ્યાનુસાર, આ દુર્ઘટનામાં અત્યારસુધીમાં ૫ લોકોનાં મોત થયાં છે. વિમાનમાં કુલ ૧૯ લોકો સવાર હોવાની માહિતી મળી છે. હાલ રાહત અને બચાવ ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને રેસ્ક્યૂ-ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. વિમાનમાં લાગેલી આગ પર કાબૂ મેળવવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ફાયર વિભાગની ટીમ દ્વારા પાણીનો મારો ચલવવામાં આવી રહ્યો છે.

ઘટનાસ્થળે હાજર રહેલા પ્રત્યક્ષદર્શીઓએ કાઠમંડુ પોસ્ટ સાથે વાત કરતાં જણાવ્યું હતું કે ''વિમાન રનવેના દક્ષિણી છેડેથી ઊડ્યું હતું. વિમાનને અચાનક જ ઝટકો લાગ્યો અને તેના વિંગ્સ જમીન પર અથડાયા. આ પછી પ્લેનમાં આગ લાગી ગઈ. ત્યાર બાદ તે રનવેના પૂર્વ ભાગમાં બુદ્ધા એર હેંગર અને રડાર સ્ટેશનની વચ્ચે પડી ગયું.

# મોદી સરકારની મજબૂરીઃ ચૂંટણી યોજાવાની છે તે રાજ્યો માટે કોઈ મહત્વની જાહેરાત નહીં

## બિહાર, આંધ્ર પ્રદેશને સાચવ્યા બાદ સંભવતઃ સ્વતંત્રપર્વ દિને ખાસ પેકેજ જાહેર કરે તેવી સંભાવના

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કેન્દ્રની મોદી સરકાર ૩.૦ ના પ્રથમ સામાન્ય બજેટમાં ગઠબંધન સરકારની છાપ સ્પષ્ટ રીતે જોવા મળી છે.સરકારે બજેટથી ન માત્ર પોતાના ગઠબંધનને મજબુત કર્યું છે.બલકે પોતાના સમર્થક વર્ગને પણ સાવધાની પૂરી કરવાની કોશીશ કરી છે. જોકે આ બધાની વચ્ચે આગામી વિધાનસભા ચૂંટણીવાળા રાજયોની વધુ ચિંતા નથી જોવા મળી.



ખાસ કરીને મહારાષ્ટ્ર અને અને હરીયાણાનો બજેટમાં ઉલ્લેખ નથી થઈ શકયો. અલબત ઝારખંડ અને જમ્મુ-કાશ્મીરનું નામ તો આવ્યું પણ ચૂંટણીની દ્રષ્ટિએ તેને લોભાવવાની કોશીશ નથી કરાઈ. બજેટ પર લોકસભા ચૂંટણીના પરિણામોની અસર તો જોવા મળી પરંતુ આવનારી ચાર વિધાનસભા ચૂંટણીને લઈને વધુ કંઈ જોવા મળ્યુ.

આથી તાત્કાલીક રીતે આ રાજયોની રાજનીતિ પર અસર પડી શકે છે. ત્રણ મહિના પછી મહારાષ્ટ્ર, હરિયાણા, ઝારખંડ અને જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણી યોજાનાર છે.સામાન્ય બજેટમાં આ રાજયોને લઈને અલગથી કોઈ જાહેરાત નથી કરવામાં આવી. જેવી રીતે બિહાર અને આંધ્રપ્રદેશ માટે કરાઈ છે.ભાજપ આ રાજયોમાં જનતા વચ્ચે વધુ કાંઈ કહેવાની સ્થિતિમાં નહીં રહે.''

ગઠબંધનને સાધવામાં ભાજપની આ પ્રકારની મુશ્કેલી છે પણ ૬ મહિના બાદ ફરી બજેટ આવવાનું છે.ત્યારે બની શકે કે ભાજપ પોતાની રાજનીતિનાં હિસાબે કેટલીક નવી જાહેરાતોને લઈને આવે.

આગામી ચૂંટણીનું લઈને સૌની નજર નાણામંત્રીનાં ભાષણ પર હતી. તેમાં મહારાષ્ટ્ર કે હરિયાણાનો ઉલ્લેખ જ નહોતો થયો.ઝારખંડ અને જમ્મુ-કાશ્મીરને વધુ કંઈ નથી મળ્યું.ઝારખંડ માત્ર સરકારની પૂર્વોદય યોજનાનો ભાગ બન્યો તો જમ્મુ-કાશ્મીરને પોતાની વિશેષ પરિસ્થિતિઓને લઈને સુરક્ષા જરૂરત કરતા વધુ મળી છે.

પરંતુ એટલી પણ નહિં કે તેને ચૂંટણી દ્રષ્ટિએ ખાસ માનવામાં આવે.સ્વાતંત્ર્ય દિન પર્વે વડાપ્રધાન મોદી જયારે લાલ કિલ્લા પરથી દેશને સંબોધન કરશે ત્યારે પણ કેટલીક નવી જાહેરાતો થઈ શકે છે.જેમાં ચૂંટણી રાજયોનું ધ્યાન રાખી શકાય.

# જમ્મુ-કાશ્મીરના બટ્ટાલમાં એન્કાઉન્ટર, ૧ જવાન ઘાયલઃસેનાએ ઘૂસણખોરીનો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો, જમ્મુમાં ૨૪ કલાકમાં બીજો હુમલો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

જમ્મુ-કાશ્મીરના જમ્મુ ક્ષેત્રના બટ્ટાલ સેક્ટરમાં મંગળવારે (૨૩ જુલાઈ) સવારે લગભગ ૩ વાગ્યે સેના અને આતંકવાદીઓ વચ્ચે ફાયરિંગ થયું હતું. જેમાં સેનાનો એક જવાન ઘાયલ થયો હતો. સેનાએ ડ પર જાણકારી આપી કે આતંકીઓની ઘૂસણખોરીની કોશિશને નિષ્ફળ બનાવી દેવામાં આવી છે. આતંકીઓને શોધવા માટે સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે.



આ પહેલા સોમવારે પણ જમ્મુ ક્ષેત્રમાં સવારે ૩ વાગે એન્કાઉન્ટર થયું હતું. રાજૌરીના ઘોંઘામાં શૌર્ય ચક્ર વિજેતા પરષોત્તમ કુમારના ઘર પર આતંકવાદીઓએ હુમલો કર્યો હતો. હુમલાના સમાચાર મળતાની સાથે જ ૬૩ આરઆર આર્મી કેમ્પની ટુકડીએ જવાબી કાર્યવાહી કરી અને એક આતંકવાદીને ઠાર કર્યો. હુમલામાં એક સૈનિક અને પરશોત્તમ કુમારના કાકા ઘાયલ થયા હતા. રાજૌરીમાં આજે બીજા દિવસે પણ સર્ચ ઓપરેશન ચાલુ છે.

જમ્મુ-કાશ્મીરમાં સોમવારે વાયરલ થયેલા ૫ મિનિટ ૫૫ સેકન્ડના વીડિયોને લઈને અહીંની પોલીસે એલર્ટ જાહેર કર્યું છે. X પર પોસ્ટ પણ શેર કરી. પોલીસનો દાવો છે કે બપોરે ૨ વાગ્યાની આસપાસ આતંકી સંગઠન જૈશ-એ-મોહમ્મદે એક પ્રોપેગન્ડા વીડિયો શેર કર્યો હતો.

પોલીસે લોકોને અપીલ કરી છે કે તેઓ આ વીડિયોને શેર ન કરે અને આ વીડિયો કોણ પણ શેર કરી રહ્યું છે તેની માહિતી આપે. સાથે જ ચેતવણી આપી છે કે આ વીડિયોને રાખવો અને તેને ફોરવર્ડ કરવો એ UAPAની કલમ ૧૩ અને ૧૮ હેઠળ ગુનો છે.

પોલીસે જણાવ્યું કે આતંકવાદી સંગઠન દ્વારા બનાવવામાં આવેલા આ વીડિયોમાં બોલિવૂડ ફિલ્મ ફેન્ટમના પોસ્ટરની સાથે અભિનેતા સૈફ અલીની તસવીર વાયરલ કરવામાં આવી છે.

# બજેટમાં સરકારે ભેદભાવની નીતિ અપનાવતા ચાર મુખ્યપ્રધાનોએ સરકાર વિરૂધ્ધ ખોલ્યો મોરચો

## ૨૭ જુલાઈએ યોજાનારી નીતિ આયોગની બેઠકનો બહિષ્કાર કરશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ગઈકાલે નાણાપ્રધાન નિર્મલા સીતારમણ દ્વારા રજૂ કરવામાં આવેલા કેન્દ્રીય બજેટમાં નભેદભાવથના વિરોધમાં કોંગ્રેસના ત્રણ સહિત ઓછામાં ઓછા ચાર મુખ્ય પ્રધાનો ૨૭ જુલાઈએ યોજાનારી નીતિ આયોગની બેઠકનો બહિષ્કાર કરવા જઈ રહ્યા છે. તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિને મંગળવારે સાંજે એક પ્રેસ કોન્ફરન્સમાં આની જાહેરાત કરી હતી. જ્યારે કોંગ્રેસના મહાસચિવ કેસી વેણુગોપાલે રાત્રે સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં લખ્યું હતું કે રજૂ કરવામાં આવેલ કેન્દ્રીય બજેટ અત્યંત ભેદભાવપૂર્ણ અને ખતરનાક છે, જે સંપૂર્ણપણે સંઘવાદ અને ન્યાયીપણાના સિદ્ધાંતોની વિરુદ્ધ છે, જેનું કેન્દ્ર સરકારે પાલન કરવું જોઈએ. તેના વિરોધમાં કોંગ્રેસના મુખ્યમંત્રી નીતિ આયોગની બેઠકનો બહિષ્કાર કરશે. આ સરકારનું વલણ સંપૂર્ણપણે બંધારણીય સિદ્ધાંતોની વિરુદ્ધ છે. અમે એવી ઈવેન્ટમાં ભાગ લઈશું નહીં કે જે ફક્ત આ શાસનના સાચા, ભેદભાવપૂર્ણ પાસાઓને છુપાવવા માટે રચાયેલ છે.



# નવો ધંધો શરૂ કરનારા માટે બજેટમાં મોટી જાહેરાત, હવે એન્જલ ટેક્સ નહીં ભરવો પડે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

નાણા મંત્રીએ બજેટ રજૂ કરતી વખતે સ્ટાર્ટઅપ માટે મોટી જાહેરાત કરી છે. જેમાં સરકારે સ્ટાર્ટઅપ માટે પર લગાવવામાં આવતો એન્જલ ટેક્સ નાબૂદ કર્યો છે. વર્ષ ૨૦૧૨માં એન્જલ ટેક્સ લાગુ કરવામાં આવ્યો હતો. એવામાં જાણીએ કે આ એન્જલ ટેક્સ શું છે અને તેને હટાવવાની માંગ કેમ ચાલી રહી હતી.



સ્ટાર્ટઅપ કંપનીઓ કે અનલિસ્ટેડ કંપનીઓ તેમનો બિઝનેસ વધારવા માટે ફંડ એકઠું કરે છે. આ ફંડ ભેગું કરવા માટે અન્ય કંપની કે સંસ્થાને શેર આપવામાં આવે છે. આ શેર તેની નિશ્ચિત કિંમત કરતા પ્રીમિયમ એટલે કે ઊંચી કિંમતે વેચવામાં આવે છે. આથી શેર વેચવાથી જે વધારાની કિંમત મળે છે તે રકમને આવક ગણવામાં આવે છે. આ આવક પર જે ટેક્સ લાદવામાં આવતો તેને એન્જલ ટેક્સ કહે છે. આ પ્રક્રિયા આવકવેરા અધિનિયમ ૧૯૬૧ની કલમ ૫૬ (૨) (બ) હેઠળ કરવામાં આવી હતી. મની લોન્ડરિંગ અટકાવવાના ઉદ્દેશ્યથી ૨૦૧૨માં એન્જલ ટેક્સની શરૂઆત કરવામાં આવી હતી.

સરકારે આ ટેક્સ મની લોન્ડરિંગ રોકવા માટે લાગુ કર્યો હતો. તેમજ તેની મદદથી તમામ વ્યવસાયોને ટેક્સ હેઠળ લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. સ્ટાર્ટએપને તેને મળેલા ફંડ પર ૩૦.૯ ટકા સુધીનો ટેક્સ ચૂકવવો પડતો હતો. જેના કારણે સ્ટાર્ટઅપ્સને નુકસાન થઈ રહ્યું હતું. આથી તેનો ભારે વિરોધ થઈ રહ્યો હતો.

એન્જલ ટેક્સ નાબુદ થવાથી સ્ટાર્ટઅપને ફાયદો થશે. જેથી સ્ટાર્ટઅપની સંખ્યામાં પણ વધારો થશે. તેમજ સ્ટાર્ટઅપ દ્વારા જે આવક થતી તેનાથી વધુ તો ટેક્સ ચૂકવવાનો રહેતો આથી ભારતીય સ્ટાર્ટઅપ ગ્લોબલ લેવલની કંપનીઓને ટક્કર આપવા સક્ષમ ન હતી, જે હવે થઈ શકશે.

# બજેટમાં ગુજરાતને ઠેંગો, આંધ્ર-બિહારના રાજકીય 'ટેકેદારો' માટે મસમોટી જાહેરાતો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

નાણા મંત્રી નિર્મલા સીતારમણે સંસદમાં બજેટ ૨૦૨૪-૨૫ રજૂ કરતા બિહાર અને આંધ્ર પ્રદેશ માટે મોટી જાહેરાતો કરી. મોદી સરકાર ૩.૦ના પ્રથમ બજેટ પહેલા બહારને વિશેષ રાજ્યનો દરજ્જો આપવાના કેન્દ્રના ઈનકાર બાદ રાજકારણ ગરમાયું હતું. બજેટ પહેલા બિહારને વિશેષ રાજયના દરજ્જો આપવાના સવાલ અંગે મુખ્યમંત્રી નીતિશ કુમારે કહ્યુ પણ હતું કે, 'બધું ધીમે-ધીમે ખબર પડશે.' વાત એમ હતી કે, તેમની નજર બજેટ પર હતી. બીજી તરફ, નાણા મંત્રીએ પણ બજેટમાં બિહાર અને આંધ્ર પ્રદેશને નિરાશ ના કર્યા. કેમ નહીં, આખરે સરકાર તેમના જ ટેકાથી તો ચાલી રહી છે, પરંતુ આ બજેટમાં ગુજરાત માટે ખાસ કોઈ જાહેરાત નહીં કરાતા વેપાર-ઉદ્યોગ જગતના લોકોમાં નિરાશા અને અન્યાયની લાગણી પ્રવર્તી રહી છે.




નાણા મંત્રીએ તેમના બજેટ ભાષણમાં ઉત્તરપૂર્વીય રાજ્યોના સર્વાંગી વિકાસ માટે પૂર્વોદય યોજનાની જાહેરાત કરી છે. આ યોજના હેઠળ બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ અને આંધ્ર પ્રદેશને પણ આવરી લેવાયા છે. નાણા મંત્રીએ કહ્યુ કે 'આ યોજના હેઠળ માનવ સંસાધન, ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ થશે અને આર્થિક તકો ઉભી થશે. તેનાથી આ રાજ્યો વિકસિત ભારતના એન્જિન બનીને સામે આવશે.

તેમણે કહ્યુ કે, અમૃતસર-કોલકાતા ઈન્ડસ્ટ્રિયલ કોરિડોર હેઠળ ઈન્ડસ્ટ્રિયલ લોડ ગયાનો વિકાસ કરવામાં આવશે. બજેટમાં પટણા-પૂર્ણિયા એક્સપ્રેસ વે, બકસર-ભાગલપુર એકસપ્રેસવે, બોધગયા-રાજગીર-વૈશાલી અને દરભંગા સ્પર્શાની સાથે જ બક્સરમાં ગંગા નદી પર નવા બે-લેન પુલના નિર્માણની પણ જાહેરાત કરી છે. આ પ્રોજેક્ટ્સ પાછળ ૨૬ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ થશે.

બજેટમાં નાણામંત્રીએ ભાગલપુર જિલ્લામાં ૨૪૦૦ મેગા વોટના પાવર પ્લાન્ટ સહિત રૂ. ૨૧,૪૦૦ કરોડના પાવર પ્રોજેક્ટ્સની પણ જાહેરાત કરી છે. આ ઉપરાંત નવા એરપોર્ટ, મેડિકલ કોલેજો અને સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણ પણ કરાશે. આ સિવાય બિહાર સરકારના મલ્ટીલેટરલ ડેવલપમેન્ટ બેંકો પાસેથી મદદ માટેની વિનંતીમાં તેજી લાવવાની પણ સરકારે ખાતરી આપી છે. બજેટમાં ગયામાં વિષ્ણુપદ કોરિડોરના નિર્માણનું પણ જાહેરાત કર્યું છે.

આ ઉપરાંત નાણામંત્રીએ બજેટના ભાષણમાં આંધ્ર પ્રદેશની વાત કરતા કહ્યુ કે 'આંધ્ર પ્રદેશની મૂડીની જરૂરિયાતોને ઓળખીને સરકારે આંધ્ર પ્રદેશ પુનર્ગઠન અધિનિયમની પ્રતિબદ્ધતાઓને પૂર્ણ કરવાના પ્રયાસો કર્યા છે. તો આંધ્રની રાજધાની અમરાવતીના વિકાસ માટે પણ રૂ. ૧૫ હજાર કરોડની ફાળવણી કરાઈ છે.'

તેમણે કહ્યું કે, 'કેન્દ્ર સરકાર બહુપક્ષીય એજન્સીઓ દ્વારા વિશેષ નાણાકીય સહાય પૂરી પાડશે. સરકાર પોલાવરમ સિંચાઈ પ્રોજેક્ટને જલ્દી પૂર્ણ કરવા માટે પ્રતિબદ્ધ છે. આ પ્રોજેક્ટ આંધ્રપ્રદેશ અને તેના ખેડૂતો માટે લાઈફલાઈન છે. નાણામંત્રીએ વિશાખાપટ્ટનમ-ચેન્નઈ ઈન્ડસ્ટ્રિયલ કોરિડોર માટે સ્પેશિયલ પેકેજની પણ જાહેરાત કરી છે.'

# ખંભાળિયા જૂનું અને જર્જરીત મકાન ધરાશાયી થતાં વૃદ્ધા સહિત ત્રણ લોકો બચાવવા માટે તંત્ર દ્વારા રેસ્ક્યૂ ઓપરેશન કરાયું




**મુખ્ય સમાચાર, જામનગર**

ખંભાળિયા જૂનું અને જર્જરીત મકાન ધરાશાયી વૃદ્ધા સહિત ત્રણ પરિવારજનોને બચાવવા માટે તંત્ર દ્વારા રેસ્ક્યૂ ઓપરેશન કરવામાં આવ્યું ખંભાળિયા શહેરના હાર્દ સમા મેઈન બજાર વિસ્તારમાં આવેલા રાજડા રોડ (ગગવાણી ફળી) સ્થિત એક જુના અને જર્જરિત મકાનનો કેટલોક ભાગ આજરોજ સાંજે જમીનદોસ્ત થઈ જતા આ મકાનમાં ફસાયેલા સાત જેટલા વ્યક્તિઓ પૈકી એક વૃદ્ધા તેમજ બે તરુણીઓને બચાવવા માટે તંત્ર દ્વારા મોડી સાંજ સુધી રેસ્ક્યૂ ઓપરેશન કરવામાં આવ્યું હતું. આશરે સવાસો વર્ષ જૂના આ મકાનના કાટમાળને દૂર કરવા તેમજ ફસાયેલાઓને બચાવવા માટે રાત્રી સુધી રેસ્ક્યુ ઓપરેશન ચાલી રહ્યું હતું.ખંભાળિયા સહિત સમગ્ર વિસ્તારમાં ચકચારી બની ગયેલા આ બનાવની વિગત એવી છે કે ખંભાળિયાના ટ્રાફિકથી વ્યસ્ત એવા મેઈન બજાર નજીક રાજડા રોડ (ગગવાણી ફળી) વિસ્તારમાં આવેલા એક સદ ગૃહસ્થના માલિકીના આશરે ૧૨૫ વર્ષ જૂના મકાનમાં એક દલવાડી પરિવારના ૧૧ જેટલા સભ્યો રહેતા હતા. આજરોજ સાંજે આશરે પોણા છ વાગ્યાના સમયગાળા દરમિયાન હાલ અવિરત વરસાદના કારણે જર્જરીત બની ગયેલા આ રહેણાક મકાનની પાછળનો બે માળનો ભાગ ધડાકાભેર જમીન દોસ્ત થઈ ગયો હતો.આ સમયે ઘરમાં રહેલા સાત જેટલા સભ્યો પૈકી ચાર સભ્યો સફળતાપૂર્વક બહાર નીકળી ગયા હતા. જે પૈકી આશરે સાતેક વર્ષની બાળાને નાની મોટી ઈજાઓ સાથે હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી. આ મકાનમાં રહેતા કેસરબેન કણજારીયા નામના ૭૦ વર્ષના વૃદ્ધા તેમજ પાયલબેન અશ્વિનભાઈ કણજારીયા (૧૯) અને પિન્ટુબેન કણજારીયા (૧૪)ને ફસાઈ ગયેલી હાલતમાં અહીંથી બહાર કાઢવા માટે નગરપાલિકા બાદ મોડી સાંજે એનડીઆરએફની ટીમનું પણ અત્રે આગમન થયું હતુંવર્ષો અગાઉ રાજડા બાલમંદિરનું આ મકાન ધરાશાયી થયાનો બનાવ બનતા પ્રાંત અધિકારી, નગરપાલિકાના ચીફ ઓફિસર ભરતકુમાર વ્યાસ તેમજ પાલિકાના સત્તાવાળાઓ, મામલતદાર વિક્રમ વરુ, પી.આઈ. સરવૈયા સહિતનો કાફલો આ સ્થળે દોડી ગયો હતો. મકાનમાં ફસાયેલા ત્રણ પરિવારજનોને બચાવવા માટે સઘન રેસ્ક્યૂ ઓપરેશન કરવામાં આવ્યું હતું. આ માટે આ વિસ્તારનો વીજ પુરવઠો બંધ કરી અને જે.સી.બી.ની મદદથી કાટમાળ ખસેડવાની પ્રક્રિયા લાંબો સમય ચાલી હતી. ઘટના સ્થળે ઈમરજન્સી ૧૦૮ સહિતનો સ્ટાફ તૈનાત રાખવામાં આવ્યો હતો.જાણવા મળતી વિગત મુજબ અત્યંત જર્જરીત એવા આ મકાન સંદર્ભે નગરપાલિકા તંત્ર દ્વારા અગાઉ જે-તે આસામીઓને નોટિસ આપવામાં આવી હતી. પરંતુ કડક કાર્યવાહીના અભાવે મકાન ખાલી ન કરાતા આજે આ દુર્ઘટના બની હતી.

# મોરબીમાં ટેન્કરમાંથી ફીનોલ કેમિકલ ચોરી કરતા ચાર શખ્સોને ૬૪.૮૩ લાખના મુદ્દામાલ સાથે ઝડપી લેવાયા






**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ક્રાઇમ બ્રાંચ પોલીસ ટીમે મળેલ બાતમીને આધારે બહાદુરગઢ ગામ નજીક દરોડો પાડતા ખુલ્લા પટ્ટમાં ટેન્કરમાંથી વાહનોમાં કેમિકલ ચોરી કરવાનું કૌભાંડ પકડી પાડવામાં આવ્યું હતું. ક્રાઇમ બ્રાંચ પોલીસે સ્થળ ઉપરથી બે ટેન્કર, એક ટાટા યોદ્ધા ટેમ્પો ટ્રક, ફીનોલ કેમિકલનો ૪૯,૨૦૦ લીટરના જથ્થા સહિત ૬૪.૮૩ લાખના મુદ્દામાલ સાથે ચાર શખ્સોની અટકાયત કરવામાં આવી હતી.

મોરબી જીલ્લામાં મિલકત સબંધી ડીઝલ, કેમીકલ, પેટ્રોલ ચોરીઓ અંગેના ગુનાઓ બનતા અટકાવવા માટે મોરબી જીલ્લા પોલીસ કાર્યરત હોય તે દરમિયાન મોરબી લોકલ ક્રાઇમ બ્રાંચ ટીમને ખાનગીરાહે હકિકત મળેલ કે, બહાદુરગઢ ગામના પાટીયા પાસે, ફેરોલી એલ.એલ.પી.ફેકટરીની પાછળ ખુલ્લાં મેદાનમાં અમુક ઇસમો ટેન્કરમાંથી શંકાસ્પદ રીતે કેમીકલ કાઢતા હોવાની ચોકકસ માહિતી મળતા તુરંત મળેલ બાતમીના સ્થળે દરોડો પાડતા સમગ્ર કેમિકલ ચોરીનું કૌભાંડ બહાર આવ્યું હતું. ત્યારે ક્રાઇમ બ્રાંચ પોલીસે સ્થળ ઉપરથી ટેન્કર નં.એમએચ-૪૬-બીબી-૬૯૮૭ કિં.રૂ.૧૫ લાખ, બીજું ટેન્કર નંબર-એમએચ-૪૬-બીબી-૭૧૪૦ કિં.રૂ. ૧૫ લાખ, ટાટા યૌધ્ધા ૧૭૦૦ ગાડી નંબર-જીજે-૩૬-વી-૮૭૫૨ કિ.રૂ.૫ લાખ તેમજ બંને ટેન્કરમાંથી અને ટાટા યોદ્ધા વાહનમાંથી આશરે ૪૯,૬૦૦ લીટર ફીનોલ નામના કેમિકલનો જથ્થો જેની કિ.રૂ.૨૯.૭૭ લાખ અને ૪ નંગ મોબાઇલ સહિત કુલ કિ.રૂ.૬૪,૮૨,૭૫૦/- નો મુદ્દામાલ હસ્તગત કરવામાં આવ્યો હતો.

મોરબી ક્રાઇમ બ્રાંચના દરોડા દરમિયાન ચાર આરોપી જેમાં બે સ્થાનિક તથા બે ઉત્તરપ્રદેશ રાજ્યના આરોપી જેમાં મહેતાબખાન મહમંહગુલહશન ખાન ઉવ.૩૩ રહે.દહેલામવ તા.જી.પ્રતાપગઢ ઉત્તરપ્રદેશ, અબ્દુલકલામખાન જમ્માલુદીનખાન ઉવ.૩૮ રહે.નરસીંગઢ તા.રાનીગંજ જી.પ્રતાપગઢ ઉત્તરપ્રદેશ, કૌશીકભાઇ વજુભાઇ હુંબલ ઉવ.૨૮ રહે. રામપર તા.જી.મોરબી, હરેશભાઇ સાદુરભાઇ હુંબલ ઉવ.૩૩ રહે.મોરબી કુબેરનગર, મુળગામ-બહાદુરગઢ તા.જી.મોરબીને ટેન્કરમાંથી કેમિકલ ચોરી કરતા રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા. હાલ ચારેય આરોપીઓની સ્થળ ઉપરથી અટક કરી મોરબી તાલુકા પોલીસ મથકમાં ગુનો નોંધાવી આગકની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

વધુમાં મોરબી જીલ્લા પોલીસ દ્વારા જાહેર જનતાને સંદેશ આપી સાવધ કરવામાં આવ્યા છે કે કોઇપણ પ્રકારના કેમીકલની ખરીદી કરતી વખતે કેમીકલના બીલ, આધાર પુરાવા રાખવા હીતાવહ છે તેવી જાહેર જનતાને અપીલ કરવામાં આવી છે.

# મોરબી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ દ્વારા ફાયર સેફટી જાગૃતિ અંતર્ગત ૧૪ સ્થળોએ ટ્રેનિંગ-ડેમોસ્ટ્રેશનનું આયોજન કરાયું

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસના ફાયર સ્ટાફ દ્વારા ફાયર સેફ્ટી તથા આગ લાગવાના બનાવમાં કેવા પ્રકારના પગલાં લેવા તે હેતુસર અલગ અલગ શૈક્ષણિક સંકુલ, હોટલો, હોસ્પિટલો તથા પોલીસ હેડ ક્વાર્ટર જેવા સ્થળોએ ટ્રેનિંગ ડેમોસ્ટ્રેશનના કાર્યક્રમ યોજી કુલ૧૩૬૩ લોકોને આગ અને આપતકાલીન સમયે કેવા પગલા લેવા માહિતગાર કરવામાં આવ્યા હતા.




મોરબી ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસીસ દ્વારા બ્લોસ્સમ પ્રાઇમરી સ્કૂલ રવાપર ઘુંનડા રોડ પર, સયાજી હોટલ સ્ટાફ લાલપુર, સ્માઈલ કીડ્સ પ્લે હાઉસ મુનનગર, સત્વ ડેકોર એલએલપી કંપનીમાં રવાપર નદી રોડ, સમર્પણ લેમીનેટ કંપનીમાં રાજપર રોડ, ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ વિકાસ વિદ્યાલય કલ્યાણગામ, ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ શ્રી કંકેશ્વરી દેવી ખોખરા હનુમાન, વાંકાનેર સિવિલ હોસ્પિટલ સ્ટાફ, પોલીસ હેડ ક્વાર્ટર મકનસર સ્ટુડન્ટ પોલીસ કેડેટ જુનિયર તથા સિનિયર, વાંકાનેર ટોલ પ્લાઝા, સમર્પણ હોસ્પિટલ મહેન્દ્રનગર ચોકડી, કલ્બ ૩૬ સ્ટાફ લજાઈ, તાલુકા શાળા નંબર ૧ મણી મંદિર પાસે, આંબાવાડી તાલુકા શાળા ઉમિયા સર્કલ પાસે ગીતાસ્કૂલની સામે એમ કુલ ૧૪ સ્થળોએ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં હોટલ સ્ટાફ હોસ્પિટલ સ્ટાફ વિદ્યાર્થી અને સ્કૂલના શિક્ષક સ્ટાફ સહિત ટોટલ ૧૩૬૩ લોકોને ફાયર ડેમોન્સટ્રેશન અને ટ્રેનિંગ જે તે સ્થળ પર જઇને આપવામાં આવી હતી.

આ ખાસ ટ્રેનીંગમાં લાઈફ જેકેટ અને લાઈફ રીંગનું મહત્વ સમજાવવામાં આવ્યું જેમાં વડોદરામાં જે હરણી તળાવમાં બાળકો ડૂબી જવાની ઘટના બનેલ હતી. જો તેમાં બધાં વિદ્યાર્થીઓને લાઈફ જેકેટ પહેરાવેલ હોત તો બધાં બાળકોનો જીવ બચી જાત તેમજ આગ લાગવાના કારણો, આગના પ્રકારો, કેવા કેવા પ્રકારની આગ લાગી શકે? આગથી કેવી રીતે બચી શકાય? આગની સામે કેમ રક્ષણ મેળવી શકાય, આગ કે અન્ય અકસ્માતમાં ફસાઈ જાય તો પોતાનો સ્વબચાવ કેવી રીતે કરવો અને અન્યને પણ બચાવીને બહાર કેવી રીતે કાઢવા તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ અગ્નિશામક સાધનોનો ઉપયોગ કેવી રીતે કરવો તે પદ્ધતિસર સમજાવવામાં આવી અગ્નિશામક યંત્રના ઉપયોગનો લાઈવ ડેમો કરવામાં આવેલ હતો.

મોરબી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ કેવી કેવી કામગીરી કરે છે અને કોઈ પણ પ્રકારની આગ લાગે ત્યારે અને રેસ્ક્યુ વખતે ઈમરજન્સી કોન્ટેક્ટ ૧૦૧ નંબર પર ફોન કરીને ફાયર સ્ટેશનનો સંપર્ક કરી શકાય છે.

ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે કોઈ પણ શૈક્ષણિક સંકુલ, સોસાયટી, હોસ્પિટલ કે બહુમાળી ઈમારતોમાં આવા ફાયર સેફ્ટી જાગૃતિના હેતુસર ફ્રી (નિશુલ્ક) લાઈવ ડેમો અને ટ્રેનિંગ માટે મોરબી જીલ્લા સ્ટેશન ફાયર ઓફિસર દેવેન્દ્રસિંહ જાડેજા (૯૯૭૯૦ ૨૭૫૨૦) લીડિંગ ફાયરમેન જયેશ ડાકી (૯૭૩૭૪ ૦૩૫૧૪) તેમજ ફાયર સ્ટેશનનો સંપર્ક કરવા યાદીમાં જણાવ્યું હતું.

# દ્વારકા તાલુકાના ઘડેચી ગામે ફસાયેલી ૧૫ વ્યક્તિને રેસ્ક્યુ કરતી એનડીઆરએફ

**મુખ્ય સમાચાર, જામનગર**

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સતત પડી રહેલા વરસાદને કારણે સર્જાયેલી પૂરની સ્થિતિમાં ફસાયેલા લોકોને બચાવવા માટે રાજ્ય સરકાર દ્વારા રેસ્ક્યુ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યા છે. રાષ્ટ્રીય આપદા મોચન દળના જવાનો બચાવ અને રાહત કાર્યમાં જિલ્લા વહીવટી તંત્રને મદદમાં ઉતર્યા છે. જિલ્લાના ઘડેચી ગામેથી ૧૫ વ્યક્તિના સફળતાપૂર્વક રેસ્ક્યુ કરવામાં આવ્યું છે.જિલ્લા વહીવટી તંત્રના




આપત્તિ વ્યવસ્થાપન તંત્રના નિયંત્રણ કક્ષને ઉક્ત બાબતે મળેલા સંદેશાને પગલે એનડીઆરએફના જવાનોની એક કુમુકને બોટ સાથે ઘડેચી ગામે રવાના કરવામાં આવી હતી. જ્યાં સીમમાં આવેલા ઘરોમાં ફસાયેલા ૬ પુરુષો, ૫ મહિલાઓ અને ચાર બાળકોને એન.ડી.આર.એફના જવાનો દ્વારા તમામને લાઇફ સેવિંગ જેકેટ પહેરાવી બોટમાં બેસાડી આશ્રય સ્થાને ખસેડવામાં આવ્યા હતા.

# જામનગરનો રીક્ષા ચાલક યુવાન વ્યાજખોરોની ચુંગાલમાં ફસાયો, પઠાણી ઉઘરાણી કરતા શખ્સો સામે ફરિયાદ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં દેવુભાના ચોક વિસ્તારમાં રહેતો એક રીક્ષા ચાલક વ્યાજ ખોરોની ચૂંગાલમાં ફસાયો છે. એક વ્યાજખોર પાસેથી પૈસા લીધા પછી તેનું રાક્ષસી વ્યાજ ચૂકવવામાં એક પછી એક અન્ય ત્રણ વ્યાજખોરો પાસેથી પૈસા લેવા પડ્યા છે અને ચારેય સામે ફરિયાદ નોંધાવાઇ છે. જે મામલે પોલીસ વધુ તપાસ ચલાવે છે.આ ફરીયાદના બનાવની વિગત એવી છે કે જામનગરમાં દેવુભાના ચોક વિસ્તારમાં રહેતા અને રિક્ષા ચલાવતા દીપકભાઈ મોડ નામના ૫૩ વર્ષના રીક્ષા ચાલક' કે જેણે પોતાની પાસેથી રાક્ષસી વ્યાજ વસુલી કોરા ચેકમાં સહી કરાવી ધમકી આપવા અંગે અને પઠાણી ઉઘરાણી કરવા અંગે દિપક બચુભાઈ વાઘેલા, હાર્દિક ઉર્ફે લખન ભાઈલાલભાઈ વાઘેલા, પ્રિન્સ રાજુભાઈ ચૌહાણ, અને જતીન પઢીયાર સામે ફરિયાદ નોંધાવી છે.પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરીયાદી યુવાને અગાઉ આરોપી દિપક વાઘેલા પાસેથી પોતાની જરૂરિયાત માટે ૫૦,૦૦૦ રૂપિયા લીધા હતા જેનું માસિક ૧૦ ટકા એટલે કે એક લાખ ૮૦ હજાર જેટલું વ્યાજ ચૂકવી દીધા છતાં વધુ પૈસાની માંગણી કરવામાં આવી હતી અને પૈસાની ચુકવણી માટે તેણે હાર્દિક વાઘેલા પાસેથી ૩૦,૦૦૦ વ્યાજે લીધા હતા. જેનું પણ એક લાખ આઠ હજાર જેટલું ૩૦ ટકા વ્યાજ ચૂકવી દીધા પછી વધુ એક લાખ રૂપિયાની માંગણી કરતા નોટરી કરાર કરી આપવો પડ્યો હતો અને માસિક ૨૦ ટકા લેખે વધુ એક લાખની માંગણી કરવામાં આવી હતી. ત્યારબાદ તેણે પ્રિન્સ રાજુભાઈ ચૌહાણ પાસે અગાઉના વ્યાજ ચૂકવવા માટે એકલા રૂપિયા જ્યારે જતીન પઢિયાર પાસે પણ ૨૦,૦૦૦ માસિક ૧૦ ટકા લેખે વ્યાજે લીધા હતા જે ચારેયને મોટી વ્યાજની રકમ ચૂકવી દીધા છતાં તેઓએ સિક્યુરિટી પેટે કોરા ચેકમાં સહી કરાવી લીધી હતી અને પઠાણી ઉઘરાણી કરતા હોવાથી સિટી એ.ડિવિઝન પોલીસ મથકમાં મામલો લઈ જવાયો હતો અને પોલીસે ચારેય વ્યાજખોરો સામે ગુનો નોંધ્યો છે.

# જામનગર મનપાની ફૂડ શાખા દ્વારા ફૂડના ધંધાર્થીઓની ચકાસણી





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મનપાની ફૂડ શાખા દ્વારા ફૂડના ધંધાર્થીઓની ચકાસણી જુદા-જુદા વિસ્તારોમાં અખાદ્ય પાણીપુરીનું પાણી, બટેટાનો માવો, ચટણી સહિતની ચીજવસ્તુનો નાશ કરવામાં આવ્યો જામનગરમાં કોલેરાના રોગચાળાના પગલે મનપાની ફુડ શાખાએ વોર્ડ નં.૧૨,૧૩,૧૬ અને ૧૫ માં ચેકીંગ હાથ ધરી અખાધ પાણીપુરીની ૧૩ રેંકડી અને ૧૦ શેરડીના રસના અને ૩ બરફના એકમ બંધ કરાવ્યા હતાં. મનપાની ફુડ શાખાએ એ-વન ભજીયા, એ-વન ચણા બટેટા, હેમુભાઈ બરફવારા, ટેસ્ટફૂલ લચ્છી, કાંતીભાઈ ઘૂઘરાવારા, બિસ્મિલ્લાહ હોટલ, ઇકબાલ ભજીયાવારા, હુશેની ટી સેન્ટર, જીતેન્દ્ર પરશોતમભાઇ, પરેશ પરશોતમભાઇ, પરશોતમભાઇ ચકુભાઈ, મસ્ત રસ, હરીફભાઈ ચા વારા, ગરીબ નવાઝ ભજીયા, જુનેદભાઈ ચા વારા, વસીલા ટી સ્ટોલ, નવદુર્ગા પાણીપુરી, અમરનાથ ભેલ, કારાભાઈ ભજીયાવારા, મહેરબાન સિંહ, લેટેસ્ટ પાણીપુરી, સાંઈનાથ પાણીપુરી,બજરંગ ભેલ હાઉસ, દિલીપભાઈ ઘૂઘરાવારા, બજરંગ પાણીપુરી, લેટેસ્ટ રગડાપૂરી, નિસ્બત દાબેલી કાલી પાણીપુરી, શિવ પાણીપુરી, સાંઈનાથ પાણીપુરી, કૃષ્ણ પાણીપુરી, ગાયત્રી પાણીપુરી, ફ્રેશકુલ આઇસ્ક્રીમ, એચ.એ. હોટલ, ધારશક્તિ ફરસાણ, રામ ભરોસે હોટલ, બાજરીયા રસ ડેપો, બાપુ ચણા બટેટા, સાહિલ ચણા બટેટા, મસ્ત રસ ડીપો, સબ્બીર ગાઠીયાવારા, કેજીએન ટી, ઉદય પકવાન, મહાકાલ પકવાન હાઉસ, સોમનાથ ફરસાણ, માલધારી હોટલ, જીતેન્દ્ર ઘૂઘરાવારા, મરબ્બા ચણા બટેટા, અમર આઈસ ડેપો, ન્યુ લેટેસ્ટ રસ ડીપો, મારાજ ભેલવારા, જલારામ ભેલવારા, સાગર રસ ડીપો, ગીગાભાઈ ભેલવારા, કિસ્મત લીંબુ સરબત, યોગેશ ઘૂઘરાવારા, જય ચામુંડા પકવાન, કે.કે રસ ડીપો, કિશોર રસ ડીપો, સંતોષી રસ ડીપો, પટેલ રસ ડીપો, શિવધારા રસ ડીપો, શક્તિ રસ ડીપો, ભોલેનાથ ડીસ ગોલાને બીજો આદેશ ન થાય ત્યાં સુધી વેચાણ બંધ કરવા આદેશ કરાયો છે.

# મોરબીમાં સરકારી એમ્બ્યુલન્સના નામે મોત દોડે છે!રાજકોટ મોરબી હાઈવે પર અકસ્માતગ્રસ્ત એમ્બ્યુલન્સની ફિટનેસ ગત વર્ષે જ પૂર્ણ થયાનો ઘટસ્ફોટ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સિવિલ હોસ્પિટલ ફરી વિવાદમાં સપડાઈ છે.મોરબી સિવિલ હોસ્પિટલ તંત્રની ઘોર બેદરકારીના કારણે એમ્બ્યુલન્સને અકસ્માત નડ્યો હતો.જેના કારણે તેમાં સવાર ડ્રાઈવરને સામાન્ય ઈજાઓ પહોંચી હતી.ત્યારે એમ્બ્યુલન્સ અંગે ઓનલાઈન એપ્લિકેશન મારફતે તપાસતા એમ્બ્યુલન્સની ફિટનેસ ગત વર્ષે પૂર્ણ થઈ ગઈ હોવાનો ઘટસ્ફોટ થયો હતો.




મળતી માહિતી અનુસાર, મોરબી સિવિલ હોસ્પિટલ તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે.જેમાં મોરબી સિવિલ હોસ્પિટલની GJ 18 G 8697 નંબરની એમ્બ્યુલન્સ રાજકોટ પેશન્ટ મૂકીને મોરબી પરત આવી રહી હતી. ત્યારે તેનો રાજકોટ મોરબી હાઇવે પર ટંકારા નજીક અકસ્માત સર્જાયો હતો. જેમાં કોન્ટ્રાક્ટ પર કામ કરતા ડ્રાઈવર શરીફ ઉસ્માનભાઈ સોલંકીને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. ત્યારે એમ્બ્યુલન્સ અંગે ઓનલાઇન એપ્લિકેશન મારફતે ચેક કરતા એમ્બ્યુલન્સની ફિટનેસ ગત વર્ષે જ પૂર્ણ થઈ ગઈ હોવાનું સામે આવ્યું હતું. આટલું જ નહિ. આ માહિતી સામે આવ્યા બાદ અન્ય એમ્બ્યુલન્સની પણ ફિટનેસ તપાસ કરવામાં આવતા મોરબી સિવિલ હોસ્પિટલની અકસ્માત ગ્રસ્ત એમ્બ્યુલન્સ GJ 18 G 8697 નું ફિટનેસ ૨૫ ડિસેમ્બર ૨૦૨૩ ના રોજ પૂર્ણ થઈ ચૂક્યું છે છતાં પણ આ એમ્બ્યુલન્સ દર્દીઓ ની હેરફેર કરવામાં આવતી હતી અને ૨૫ ડિસેમ્બર ૨૦૨૩ થી અત્યાર સુધીમાં ડ્રાઈવર સહિત અન્ય કેટલાય દર્દીઓના જીવનના જોખમે આ એમ્બ્યુલન્સ ચલાવી સિવિલ હોસ્પિટલ તંત્રએ ઘોર બેદરકારી દાખવી હતી.

તેમજ સિવિલ હોસ્પિટલની અન્ય GJ 18 G 8027 નંબરની એમ્બ્યુલન્સનું ફિટનેસ સર્ટિફિકેટ ૧૬ જુલાઈ ૨૦૨૪ ના રોજ પૂર્ણ થઈ ચૂક્યું છે જોકે આ બનાવ બાદ આજે હવે ફિટનેસ સર્ટિફિકેટ રીન્યુ કરવા હોસ્પિટલ તંત્રએ દોડધામ શરૂ કરી હોવાની પણ માહિતી સામે આવી રહી છે.ત્યારે પ્રકારની ગંભીર બેદરકારી મામલે તપાસ થવી જોઈએ અને ઇન તેમજ ફાયર ગયઈ માટે જે પ્રમાણે કડક કાયેવાહી થતી હતી તે પ્રમાણે કાર્યવાહી થવી જોઈએ તેવી લોકચર્ચાઓ શરૂ થઈ છે.

# મોરબીના જેપુર ગામના અનુસૂચિત સમાજના લોકો દ્વારા તાલુકા પંચાયત ખાતે ધરણાં પ્રદર્શનઃતાલુકા વિકાસ અધિકારીને પાઠવ્યું આવેદન

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના જેપુર ગ્રામપંચાયત દ્વારા ગામતળ નીમ જગ્યાની માપણી કરવા નડતરરૂપ ગાંડા બાવળ દૂર નહિ કરતા જેપુર ગ્રામજનો દ્વારા તાલુકા વિકાસ અધિકારીને લેખિત રજૂઆત કરવામાં આવી હતી. જેને લઈ તાલુકા વિકાસ અધિકારીએ કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી. પરંતુ આજદિન સુધી કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા આજ રોજ જેપુર ગ્રામજનો દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. અને જવાબદારો સામે કાર્યવાહી કરવા માંગ કરવામાં આવી છે.



મળતી માહિતી અનુસાર, જેપુર તાલુકાના અનુસૂચિત જાતિના ગ્રામજનો દ્વારા આજ રોજ તા.૨૩/૦૭/૨૦૨૪ ના રોજ તાલુકા પંચાયત ખાતે ધરણા પ્રદર્શન કરવામાં આવ્યો હતો. જે ધરણા પ્રદર્શનમાં અગાઉ રૂબરૂ સમજૂતી થયા મુજબ જેપુર ગામના સર્વે નં. ૧૭૨ પૈકી ૧ સરકારી પડતર ખરાબાની જગ્યા ઉપર અનુસૂચિત જાતિ માટે ગામતળ નીમ કરવા પ્રાંત અધિકારીના પત્ર મુજબ પૂર્વ માપણી કરવા જમીન માપણી કરવામાં નડતરરૂપ ગાંડા બાવળો દૂર કરવા ગ્રામપંચાયતને લેખિતમાં આદેશ આપ્યો હતો. પરંતુ ગ્રામપંચાયતના જવાબદાર સરપંચ અને તલાટી કમ મંત્રી ખરાબાની જમીન ઉપર ઉભા ગાંડા બાવળ દૂર કરવાની કામગીરી પુરી કરવામાં આવી ન હતી. જેને લઇ ગ્રામજનો દ્વારા તાલુકા વિકાસ અધિકારીને લેખિત રજૂઆત કરવામાં આવી હતી. ત્યારે અધિકારી દ્વારા તા.૨૨/૦૩/૨૦૨૪ સુધીમાં જવાબદારો સામે પગલાં લેવાની બાહેંધરી આપવામાં આવી હતી.પરંતુ આજ દિન સુધી કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા આશ્ચર્યજનક કાર્યક્રમ આપવાની ચીમકી ઉચ્ચારવામાં આવી હતી.

# જયાપાર્વતીમાં ઘરાર જાગરણ કરનાર તત્વોને કાયદાના પાઠ ભણાવતુ પોલીસ તંત્ર



(તસ્વીરઃ આનંદ જાવિયા)

જયાપાર્વતી જાગરણને લઈને રાજકોટ પોલીસ એલર્ટ મોડમાં આવી ગઈ હતી. ગઈકાલે રાતથી સવાર સુધી શહેરના અનેક વિસ્તારોમાં પોત્રીસની વિવિધ ટીમ તેના જ રખાઈ હતી અને રોમિયોગીરી કરતા ઈસમો સામે લાલ આંખ કરાઈ હતી. જયાપાર્વતીના વ્રત નિમિત્તે ગઈકાલે રાત્રે જાગરણ હતું. જાગરણને લઈને યુવતીઓ રાજકોટ શહેરના અનેક વિસ્તારોમાં બહાર ફરવા જતી હોય છે. ત્યારે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ પણ એલર્ટ મોડમાં આવી ગઈ હતી. શહેરના અનેક વિસ્તારોમાં પોલીસની ટીમ ગોઠવાઈ ગઈ હતી. સાથે જ રોમિયોગીરી કરતા ઈસમો સામે પણ પોલીસે લાલ આંખ કરી હતી. બિનજરૂરી બહાર આંટા મારતા રોમિયોને પોલીસે પકડ્યા હતા. જાગરણને લઈને ક્રાઈમ બ્રાન્ચ તેમજ અન્ય પોલીસ અધિકારીઓ તેના રાખવામાં આવ્યા હતા. સાથે જ ખુદ પોલીસ કમિશનર પણ શહેરના અનેક વિસ્તારોમાં ચેકિંગ કરવા માટે નીકળ્યા હતા. તેમજ શહેરના વિવિધ પોઈન્ટ પર વાહન ચેકિંગ પણ કરવામાં આવ્યું હતું

## ધારાસભ્યએ ફરિયાદ કરતા કુવાડવા સબ ડિવિઝનના ડેપ્યુટી ઈજનેરની બદલી

### જીઆઈડીસીમાં વીજ ધાંધીયાને લઈ ઉર્જા મંત્રીને ફરિયાદ કરાઈ'તી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કુવાડવા જીઆઈડીસી વિસ્તારમાં વીજ ધાંધિયાની ધારાસભ્યની ફરિયાદ બાદ કુવાડવા સબ ડિવિઝનના ડેપ્યુટી ઈજનેરની બદલી કરવામાં આવી છે. જ્યારે તાજેતરમાં એચ.ટી કનેક્શનના વિવાદમાં આવેલા એક એન્જિનિયર સહિત બે એન્જિનિયરને પ્રમોશન આપવામાં આવ્યા છે.

રાજકોટ નજીકના કુવાડવા ગામે આવેલ જીઆઈડીસીમાં આડેધડ ઝિંકવામાં આવતા વીજ કાપથી ૧૨૫થી વધુ કારખાનાદારો હેરાન પરેશાન થઈ ગયા છે. ઉદ્યોગકારોએ આ મામલે વાંકાનેરના ધારાસભ્યોને રજૂઆત કરી હતી. ધારાસભ્યએ આ મામલે ગત તારીખ ૧૭ ના રોજ ઉર્જા મંત્રીને લેખિતમાં ફરિયાદ કરી હતી. ફરિયાદના એક અઠવાડિયામાં જ પીજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટરે કુવાડવાના ડેપ્યુટી એન્જિનિયર ડીએન પટેલની વિછીયા ખાતે બદલી કરી છે. જ્યારે વિંછીયાના ડેપ્યુટી એન્જિનિયરની કુવાડવા સબ ડિવિઝનમાં નિમણૂક કરવામાં આવી છે.

આ ઉપરાંત પી.જી.વી.સી.એલ.ની કોર્પોરેટ કચેરીમાં બે અધિકારીને પ્રમોશન આપવામાં આવ્યા છે. મટીરીયલ્સ વિભાગના ચીફ એન્જિનિયરને ચાલુ મહિને નિવૃત્ત થતા ટેકનીકલ વિભાગના ચીફ એન્જિનિયરની જગ્યાએ પ્રમોશન આપવામાં આવ્યું છે. જ્યારે એચ.ટી કનેકશનના વિવાદમાં આવેલા એન્જિનિયરને મટીરીયલ્સ વિભાગનો હવાલો સોંપવામાં આવ્યો છે.

## વિકસિત ભારતની પરિકલ્પનાને સાકાર કરતું કેન્દ્રીય બજેટઃ ભૂપતભાઈ બોદર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ ભૂપતભાઈ બોદરએ એ દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી સરકારના ત્રીજા કાર્યકાળનું બજેટ રજુ કરનાર કેન્દ્રીય નાણાંમંત્રીશ્રી નિર્મલા સીતારામન ધ્વારા રજુ કરવામાં આવેલ ૨૦૨૪-૨૫ના બજેટને આવકારતા જણાવેલ કે છેલ્લા દશ વર્ષોમાં નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતનો આર્થિક વિકાસ એક ઉતમ ઉદાહરણ બની ગયો છે.



દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સતાને સાધના માની દેશને વિકાસની રાહ પર અગ્રેસર કર્યો છે અને અનેકવિધ લોકહીતકારી અને જનકલ્યાણકારી યોજનાઓ અમલમાં મુકી છે ત્યારે ભારતીય જનતા પાર્ટીની રાષ્ટ્રવાદની વિચારધારા આગળ વધારી ગામડા, ગરીબ, દલિત, વંચિત, યુવાઓ, મહિલાઓ માટે કામ કરતા આગળ વધી રહયા છે.

ત્યારે માનનીય કેન્દ્રીય નાણાંમંત્રી શ્રીમતી નિર્મલા સીતારામનજીએ રજુ કરેલું કેન્દ્રીય બજેટ ૨૦૨૪-૨૫ માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારત ના વિઝનને સાકાર કરનારા રોડમેપ સમાન છે. ભારતને વિશ્વની ત્રીજી સૌથી મોટી ઈકોનોમી બનાવવાની દિશામાં આ બજેટ ખૂબ મહત્વનું સાબિત થશે. મોદી સરકારના ત્રીજા કાર્યકાળનું આ પ્રથમ બજેટ એ લોકસભા ચૂંટણીમાં આપેલા વચનોને નિભાવીને કરોડો દેશવાસીઓની આશા-અપેક્ષા અને સપનાઓની પરિપૂર્તિ કરનારું છે. ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિના સામર્થ્યને ઉજાગર કરતી વિવિધ યોજનાઓ આ બજેટમાં રજૂ કરવામાં આવી છે.

## મોરબી પેરોલ ફર્લો સ્ક્વોડે એન.ડી.પી.એસ.ના ગુનામાં ફરાર આરોપીને રાજસ્થાનથી દબોચ્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી પેરોલ ફર્લો સ્ક્વોડ પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે એંડીપીએસના ગુનામાં છેલ્લા એક વર્ષથી ફરાર રાજસ્થાન રાજ્યના આરોપીને રાજસ્થાન તેના રહેણાંક ખાતેથી ઝડપી લઈ હસ્તગત કરી આગળની કાર્યવાહી અર્થે મોરબી બી ડિવિઝન પોલીસ મથકમાં સોંપી આપેલ છે.



મોરબી જીલ્લા પોલીસના ઉચ્ચ અધિકારીઓની સૂચના અને માર્ગદર્શન હેઠળ પેરોલ ફર્લો સ્કવોડ ટીમ નાસતા ફરતા આરોપીઓને પકડવા સારૂ પ્રયત્નશીલ હતા તે દરમ્યાન પેરોલ ફર્લો સ્કવોડના ASI વિક્રમસિંહ બોરાણા, રામભાઇ મંઢ, HC દશરથસિંહ ચાવડાને ખાનગીરાહે હકિકત મળેલ કે, મોરબી સીટી બી ડીવીજન પોલીસ મથકમાં નોંધાયેલ એન.ડી.પી.એસ એક્ટ મુજબના ગુનામાં નાસતો ફરતો આરોપી મનોહર કલુરામ સોની રહે. રાજસ્થાનવાળો હાલ તેના રહેણાંક મકાને હોવાની ચોકકસ હકિકત મળતા જે હકિકત આધારે પેરોલ ફર્લો સ્ક્વોડ પોલીસ ટીમ બનાવી રાજસ્થાન રાજયના સાંચૌર જીલ્લામાં તપાસ અર્થે જતા આરોપી મનોહર કાલુરામ વીરમારામ સોની ઉવ.૩૫ રહે. સરનાઉ તા.જી.સાંચૌર (રાજસ્થાન) વાળો મળી આવતા આરોપીને હસ્તગત કરી મોરબી બી ડિવિઝન પોલીસ મથકમાં આગળની કાયદેસરની કાર્યવાહી અર્થે સોંપવામાં આવેલ છે.

## મહારાષ્ટ્ર ભાજપ સરકારની લાડલા ભાઈ યોજના, ગુજરાતમાં શરુ કરવાની માંગ સાથે CYSS દ્વારા અનોખુ વિરોધ પ્રદર્શન

### બહુમાળી ભવન ચોક પાસે, ભાજપ નેતાઓના ફેસ માસ્ક લગાવીને લોકોને લોલીપોપ આપી કહેવામાં આવ્યું કે ગુજરાતને માત્ર આ જ આપશે ભાજપ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર, રાજકોટ**

તાજેતરમાં મહારાષ્ટ્રની ભાજપ સમર્થિત સરકારે જે લાડલા ભાઇ અને લાડલી બહેન યોજનાની મહારાષ્ટ્રમાં જાહેરાત કરી છે કે, શિક્ષિત યુવાનોને તેમની શૈક્ષણિક લાયકાત અનુસાર સરકાર દ્વારા ૬૦૦૦, ૮૦૦૦ અથવા ૧૦૦૦૦ નું અને શિક્ષિત યુવતીઓને આમ ૬૦૦૦ થી ૧૫૦૦૦ સુધીની નાણાકીય સહાય દર મહિને આપવામાં આવશે. જે નિર્ણય મહારાષ્ટ્રના યુવાનો - વિદ્યાર્થીઓ માટે ખુબ સારો કહી શકાય, પરંતુ જ્યારે વાત ગુજરાતના યુવાનોની આવે ત્યારે આજ ભાજપ સરકાર આવી યોજનાઓને મફત રેવડી નું નામ આપીને જવા દે છે.

ગુજરાતની જનતા છેલ્લા 30 વર્ષથી ભાજપને બહુમતી આપી રહી છે, છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં ૧૫૬ બેઠકો આપી છે, તો ગુજરાતના યુવક-યુવતીઓને આવી મદદ કેમ નથી કરી રહ્યા? ગુજરાતના યુવાનો પણ બેરોજગારીથી પીડાય છે, પૈસાના અભાવે અભ્યાસ છોડી દે છે. તો ગુજરાતના યુવાનોનો શું વાંક છે કે, તેમની સાથે આવે ભેદભાવ શા માટે કરવામાં આવી રહ્યો છે? તેમજ ભાજપના નેતાઓ તેમના તમામ ભાષણોમાં સબકા સાથ, સબકા વિકાસ અને એક ભારત, શ્રેષ્ઠ ભારતની વાત કરે છે. એક જ દેશના બે યુવાનો વચ્ચે આવો ભેદભાવ શા માટે?

આ ઉપરાંત મધ્યપ્રદેશ ભાજપ સરકાર બહેનોની દર મહિને ૧૫૦૦ રૂ. સહાય આપે છે. રાજસ્થાન ભાજપ સરકાર ૪૫૦ માં ગેસ સિલિન્ડર આપવાની જાહેરાત કરતી હોય, આવી અનેકો યોજનાઓ છે, કે જે ગુજરાત સિવાયના રાજ્યમાં આ જ ભાજપ દ્વારા આપવામાં આવે છે. ત્યારે સવાલ એક જ છે કે, ગુજરાતની જનતાની સાથે આવો અન્યાય કેમ!

ગુજરાતના તમામ યુવાનો- યુવતીઓ વતી અમારી છાત્ર યુવા સંઘર્ષ સમિતિ - CYSS પ્રદેશ ઉપપ્રમુખ સુરજ બગડા, રાજકોટ પ્રમુખ પ્રણવ ગઢવી સહીતનાની માંગ છે કે, ગુજરાતના શિક્ષિત યુવાનોને પણ દર મહિને આ પ્રકારની સહાય આપવામાં આવે, તેવી તાત્કાલિક ધોરણે યોજના જાહેર કરી અને અમલમાં મૂકવામાં આવે. જો આમ નહીં કરવામાં આવે તો, હવે ગુજરાતના યુવાનો અને તેમના વાલીઓ એવું માનશે કે, આટલા વર્ષ થયા જનતા વોટ આપ્યા તેમ છતા, ગુજરાત માટે મોદી સરકારનું વલણ ઘરના છોકરા ઘંટી ચાટે, પાડોશીને આટા જેવું છે અને ગુજરાત સરકાર ગુજરાતના યુવાનો માટે અસંવેદનશીલ છે.

## વોર્ડ નં.૩માં યોજાયેલ 'મેયર તમારા દ્વારે' લોક દરબારમાં અધધધ ૯૦ પ્રશ્નો રજૂ થયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના જુદા જુદા વોર્ડ વિસ્તારમાં પ્રાથમિક સુવિધાના કામો,આંતરમાળખાકીય વિકાસના કામો તથા પ્રવાસન અને હરવા ફરવાના સ્થળ વિકસાવવાના લોકોપયોગી અને પ્રજાકીય કામો કરવામાં આવે છે.આ કામો વધુ સારી રીતે અને સમયમર્યાદામાં થાય તે રીતે પૂર્ણ કરવા માટે નાગરિકોને સાથે રાખી તેઓની રજુઆતો,પ્રશ્નો, ફરિયાદો અને સુચનો આવકારવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મેયર માન.શ્રીમતી નયનાબેન પેઢડીયાના અધ્યક્ષ સ્થાને વોર્ડવાઈઝમેયરશ્રી તમારા દ્વારે(લોક દરબાર)નુંતા.૨૨/૦૭/૨૦૨૪ થી તા.૧૩/૦૮/૨૦૨૪ દરમ્યાન વોર્ડવાઈઝ સવારે ૦૯:૦૦ થી ૧૧:૦૦ કલાક સુધીઆયોજન કરેલ છે.આલોક દરબારમાં નાગરિકો તરફથી રજુ થનાર રજુઆત, પ્રશ્ન અને ફરિયાદનો સ્થળ પર/ટૂંકા સમયગાળામાં હકારાત્મક નિકાલ કરવાનો ઉમદા પ્રયાસ કરવામાં આવે છે.જે અંતર્ગત આજ તા.૨૪/૦૭/૨૦૨૪, બુધવારના રોજ સવારે ૦૯:૦૦ થી ૧૧:૦૦ દરમ્યાન વોર્ડ નં.૩માંમાં સંતોષી પ્રા.શાળા નં.૯૮,રેલનગર,૮૦ ફૂટ રોડ,રાજકોટ ખાતે લોક દરબાર કાર્યક્રમ યોજાયો હતો.



આ લોક દરબાર કાર્યક્રમના અધ્યક્ષ મેયરશ્રીમતીનયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર ડી.પી.દેસાઈ, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, શાસકપક્ષ દંડક મનિષભાઈ રાડીયા,શહેર ભાજપ મંત્રી ઈલાબેન પડીયા, વોર્ડ નં.૩નાકોર્પોરેટર અલ્પાબેન દવે, કુસુમબેન ટેકવાણી, બાબુભાઈ ઉઘરેજા, શિક્ષણ સમિતિ સભ્ય હિતેશભાઈ રાવલ,નાયબ કમિશનરહર્ષદ પટેલ,સિટી એન્જીનિયર અતુલ રાવલ, પર્યાવરણ ઈજનેર નિલેષ પરમાર, આરોગ્ય અધિકારી ડો.જયેશ વકાણી, આર.સી.એચ.ઓ. ડો.લલિત વાંઝા, ચીફ ફાયર ઓફિસર અનિલ મારૂ, ઈ.ચા.ડાયરેક્ટર પાર્કસ એન્ડ ગાર્ડન આર.કે.હીરપરા, સિટી એન્જીનિયર બી.ડી.જીવાણી, એંક્રોચમેન્ટ ઓફિસર પરબત બારીયા, નાયબ પર્યાવરણ ઈજનેર વલ્લભ જીંજાળા, વોર્ડ એન્જીનિયર પાર્થ પરમાર, નાયબ આરોગ્ય અધિકારી ડો.હાર્દિક મેતા, મેનેજર કૌશિક ઉનાવા, સિદ્ધાર્થ પંડ્યા, પી.એસ.ટુ મેયર અને મેનેજર વિપુલ ઘોણીયા, વોર્ડ ઓફિસર નિલમ બેલીમ, અન્ય કર્મચારીઓ, વોર્ડ નં.૩ના પ્રભારી પૂર્વેશ ભટ્ટ,પ્રમુખ હેમુભાઈ પરમાર,મહામંત્રી અભયભાઈ નાંઢા,ડો.હેમંત અમૃતિયા તથા વોર્ડ નં.૩ના બહોળી સંખ્યામાં નાગરિકોઉપસ્થિત રહ્યા હતા.

વધુમાં વોર્ડ નં.૩ના નાગરિકો દ્વારા સિંચાઈ લગત,સફાઈ બાબત,વરસાદીપાણી ભરાવા અંગે,અન્ડરબ્રિજ-ઓવરબ્રિજ બનાવવા અંગે,ડામર રોડ કરવા બાબત,મેટલીંગ કરવા બાબત,રોડ ડિવાઈડર ખોલવા બાબત,નવા રોડ ખુલ્લા કરવા બાબત,આરોગ્ય કેન્દ્ર અને આંગણવાડી બનાવવા, રેલનગર વિસ્તારમાં આવેલ તમામ ટાઉનશીપમાં સોલાર સિસ્ટમ નાખવા માટે,વોર્ડ નં.૩માં લાઈબ્રેરી અને સ્વિમિંગ પુલ બનાવવા માટે, રેલ્વે સ્ટેશનવાળો રોડ પહોળો કરવા, પોપટપરાનું નાલુ પહોળું કરવા અરજદારો દ્વારા રજૂઆતો કરવામાં આવી.

વોર્ડના નાગરિકો દ્વારા વોર્ડ નં.૩ના વિવિધ વિસ્તારોમાં ભૂગર્ભ ગટર અને નાના મોટા કામો તરત કરી આપવા બદલ તેમજ રેલનગર અન્ડરબ્રિજના રીનોવેશન બાદ પાણી ભરાવાનો પ્રશ્ન સોલ્વ કરી આપવા બદલ,વોકળાની નિયમિત સફાઈ કરવા બદલ,છત્રપતિ શિવાજી ટાઉનશીપમાં સીટી બસની સુવિધા આપવા બદલ તમામ પદાધિકારીઓ અને વોર્ડ નં.૩ના કોર્પોરેટરો,વોર્ડ પ્રમુખનો આભાર વ્યક્ત કર્યો હતો.

## જામનગરના સત્યમ કોલોની વિસ્તાર પાસે ટ્રાફિક પોલીસ દ્વારા ચેકીંગ દરમિયાન સ્કૂટરમાં ખોટી નંબર પ્લેટ લગાડી ફરતો શખ્સ ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના સત્યમ કોલોની વિસ્તાર પાસે ટ્રાફિક પોલીસ દ્વારા કરવામાં આવી રહેલા ચેકીંગ દરમિયાન અન્ડર બ્રિજ પાસેથી એક્ટિવામાં ખોટા નંબર લગાડીને જતો મૂળ ખેડા જિલ્લાનો વતની શખ્સ ઝડપાયો છે. તેની સામે સાચાની જગ્યાએ ખોટા નંબર લગાડી છેતરપિંડી-ઠગાઈ કરવા અંગે ગુન્હો નોંધાવાયો છે.જામનગરના સત્યમ કોલોની વિસ્તારમાં ટ્રાફિક શાખાના



સ્ટાફ દ્વારા પીએસઆઈ રાજેન્દ્રસિંહ જાડેજાના વડપણ હેઠળ ટ્રાફિક ડ્રાઈવ અંતર્ગત વાહનચાલકોના કાગળો, લાયસન્સ વગેરે ચકાસવામાં આવતા હતા.તે દરમિયાન જીજે-૧-ઈયુ ૯૨૦૭ નંબરનું સફેદ રંગનું એક્ટિવા પસાર થયું હતું. તેને રોકાવી પોલીસે ચકાસણી કરતા તે વાહનના અસલ નંબર બીજા હોવાનું જણાઈ આવ્યું હતું. વાહન ચલાવીને જઈ રહેલા મહાત્મા ફૂલેનગર પાસે જૂના આવાસમાં રહેતા રાજેશ રતીલાલ પંચાલ નામના શખ્સની પોલીસે અટકાયત કરી છે. મૂળ ખેડા જિલ્લાના માતર તાલુકાના વતની આ શખ્સે સ્કૂટરના નંબર બીજા હોવા છતાં ખોટા નંબર લગાડી છેતરપિંડી, ઠગાઈ કરી હોવાથી તેની સામે પીએસઆઈ આર.સી. જાડેજાએ ખુદ ફરિયાદી બની સિટી સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુન્હો રજીસ્ટર કરાવ્યો છે

## જામનગર શહેરમાં ઘોડીપાસાની કલબ ઝડપાઈ જુગાર રમતા ૯ શખ્સ ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાં ઘોડીપાસાની કલબ ઝડપાઈ જુગાર રમતા ૯ શખ્સ ઝડપાયા જામનગર શહેરમાં મહાદેવનગર વિસ્તારમાં રહેતા લાખા ગઢવી નામના શખ્સના મકાનમાં ચાલતી ઘોડીપાસાની મીની કલબ ઉપર કઈઈની ટુકડીએ દરોડો પાડયો હતો, અને મકાન માલિક સહિત ૯ શખ્સોની અટકાયત કરી લઇ રોકડ રકમ-મોબાઈલ ફોન અને વાહનો સહિત રૂપિયા સવા ચાર લાખની માલમતા કબ્જે કરી લેવામાં આવી છે.જામનગરમાં મહાદેવ નગર વિસ્તારમાં રહેતો લાખાભાઈ દલુભાઈ ધારાણી નામનો શખ્સ પોતાના રહેણાંક મકાનમાં ઘોડીપાસાની મીની કલબ ચલાવે



છે, અને શહેરના આસપાસના વિસ્તારના જુગારીયા તત્વો એકત્ર થઈને જુગાર રમવા આવે છે. જે ચોક્કસ બાતમીના આધારે ગત મોડી રાત્રે કઈઈની ટુકડીએ દરોડો પાડયો હતો. દરમિયાન મકાન માલિક સહિત નવ શખ્સો ઘોડી પાસા વડે જુગાર રમી રહેલા મળી આવ્યા હતા. આથી પોલીસે મકાન માલિક લાખાભાઈ ધારાણી ઉપરાંત સતીશ હરીશભાઈ મંગેઝ હેમંતભાઈ અમલભાઈ ગંઢા,યાસીન ઇબ્રાહીમભાઈ સંધિ, સાજણ નાથાભાઈ ગઢવી, ડાડુભાઈ કરણાભાઈ ભાટીયા, કચરાભાઈ લગધીરભાઈ ગઢવી, અને બીપીન સોમાભાઈ ચાવડાની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૧.૫૩ લાખ ની રોકડ રકમ, આઠ નંગ મોબાઈલ ફોન, કાર અને બાઈક સહિત કુલ રૂપિયા ૧૨,૨૪,૫૦૦ ની માલમતા કબ્જે કરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ભક્તિધામ સોસાયટીમાં કોલેજીયન સહિત બે શખ્સો રૂ.૯.૮૫ લાખના ડ્રગ્સ સાથે ઝડપાયા

## નિવૃત શિક્ષકનો પુત્ર અને હિસ્ટ્રીસિટરનો પુત્ર મુંબઈથી એમડીનો જથ્થો મંગાવી છુટકમાં બંધાણીઓને વેંચતા હતા

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ શહેરમાં છેલ્લા ઘણા સમયથી શાળા-કોલેજોની બહાર માદક પદાર્થોનું વેંચાણ થતું હોવાની ફરિયાદો ઉઠતા શહેર પોલીસે પણ ડ્રગ્સનું વેંચાણ કરતા પેડલરો અને બંધાણીઓને ઝડપી લેવામાં કમર કસી છે. ત્યારે એસઓજીની ટીમે બીસીએનો વિદ્યાર્થી અને હિસ્ટ્રીસિટરના પુત્ર સહિત બે શખ્સોને રૂ.૯.૮૫ લાખના ડ્રગ્સ સાથે ઝડપી લઈ રાજકોટમાં ચાલતા ડ્રગ્સ વેંચાણનો પર્દાફાશ ર્ક્યો છે.



આ અંગેની પોલીસસુત્રોમાંથી મળતી માહિતી મુજબ શહેર વિસ્તારમાં યુવાધન નશાના રવાડે ના ચડે તથા માદક પદાર્થોનું વેંચાણ અટકાવવા પોલીસ ારા સે નો ટુ ડ્રગ્સ મિસન અંતર્ગત ડ્રગ્સ પેડલરો અને ડ્રગ્સનું સેવન કરનારા ઈસમો સામે કડક કાર્યવાહી કરવાની સુચનાના પગલે એસઓજીના પીઆઈ જે.એમ્કૈલાના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સ્ટેબલ ઘનશ્યામસિંહ, ઉપેન્દ્રસિંહ, હાર્દિકસિંહ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ૧૫૦ રિંગ રોડ પર સાગર પાર્ટી પ્લોટ પાસે ભક્તિધામ સોસાયટીમાં એપાર્ટમેન્ટમાં રહેતો નિવૃત શિક્ષકનો પુત્ર અને બીસીએનો વિદ્યાર્થી પાર્થ દેવકુભાઈ મકવાણા તથા ખોડિયારનગરમાં રહેતો હિસ્ટ્રીસિટરનો પુત્ર સાહિલ ઉર્ફે નવાબ અયુબ સોઢા નામના બંને શખ્સોને માદક પદાર્થ મેફેડ્રોન વજન ૯૮.૪૫ ગ્રામ કિંમત રૂ.૯.૮૫ લાખના જથ્થા સાથે દબોચી લઈ આઈફોન મોબાઈલ સહિત કુલ રૂપિયા ૧૦ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરાયો હતો. બંને શખ્સોની આકરી પૂછપરછ કરતા આ બંને પેડલરો મુંબઈથી એમડીનો જથ્થો લાવી રાજકોટમાં છુટક વેંચાણ કરતા હતા.

# જસદણના શિવરાજપુર ગામના યુવાનની ત્રણ વીઘા જમીન વ્યાજખોરોએ લખાવી લીધી

## જેતપુરની રાજેશ્વરી સોસાયટીમાં વેપારીના બંધ મકાનમાંથી રૂ.૭.૮૦ લાખની મત્તાની ચોરી

**મુખ્ય સમાચાર રાજકોટ**

જસદણ તાલુકાના શિવરાજપુર ગામના યુવાનને વ્યાજખોરોએ ઉંચા વ્યાજે નાણા આપી ત્રણ વીઘા જમીન લખાવી લઈ દસ્તાવેજ કરવા મારી નાખવાની ધમકી આપતા જસદણ પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

આ બનાવની માહિતી મુજબ જસદણના શિવરાજપુર ગામે ખોડિયારનગરમાં રહેતા દિનેશ ખોડા મકવાણા નામના યુવાને વ્યાજખોર અશોક ઉનડ ધાંધલ, મહાવીર જીલુ ખાચર, મહેન્કનુ ધાંધલ (રહે.દહિસરા ગામ), ઉદય અશોક ધાંધલ સહિત ચાર શખ્સો વિરુધ્ધ ફરિયાદ નોંધાવી છે કે, ઉપરોકત શખ્સો પાસે નાણાધિરધારનું લાયસન્સ ન હોવા છતાં ઉંચા વ્યાજે નાણા આપી પઠાણી ઉઘરાણી કરી યુવાનના દીકરાને મારી નાખવાની ધમકી આપી બળજબરીથી બેંકના કોરા ચેકોમાં સહી કરાવી યુવાનની ત્રણ વીઘા જમીન લખાવી લઈ દસ્તાવેજ કરવા ધમકી આપતા હોય જેથી જસદણ પોલીસમાં વ્યાજખોરો વિરુધ્ધ ફરિયાદ નોંધાવતા પીઆઈ બી.ટી.જાનીએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બીજા બનાવમાં જેતપુરની રાજેશ્વરી સોસાયટીમાં રહેતા જયદીપભાઈ દલસુખભાઈ કેસરીયા નામના લોહાણા વેપારીના બંધ મકાને અજાણ્યા તસ્કરોએ નિશાન બનાવી દરવાજો તોડી અંદર પ્રવેશ કરી કબાટમાં રાખેલા સોના-ચાંદીના દાગીના તથા રોકડ મળી કુલ રૂ.૭.૮૦ લાખની મત્તાની ચોરી કરી જતા જેતપુર સીટી પોલીસમાં ફરિયાદ નોંધાવતા પીએસઆઈ આર.એચ.જારીયાએ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# વ્યાજના વિષચક્રમાં ફસાયેલા કારખાનેદારનો ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ

## અઢી કરોડનું કારખાનું બેંકે સસ્તામાં વેચી નાખ્યું, બીજું વેચવાની તૈયારી છે, સંતાનનું શું થશે? ચિંતામાં વીડિયો બનાવી ભર્યું પગલું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની ભાગોળે કુવાડવા રોડ સાત હનુમાન પાછળ સોખડામાં રહેતાં અને ઘર સાથે જ બંગડીના પાઈપ બનાવવાનું કૈલાસ મીલ નામે કારખાનુ ધરાવતાં રમેશભાઈ ભીમજીભાઈ ડાભી (ઉ.વ.૫૦)એ મોબાઈલ ફોનમાં વિડીયો બનાવ્યા બાદ ઝેરી દવા પી લેતાં સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા છે.વ્યાજખોરીમાં ફસાઈ જવાને કારણે પોતે ધંધો કરી શકતા નથી, હવે કેમ જીવવું, છોકરાઓ શું કરશે? એ સમજાતું નથી એટલે આત્મહત્યા કરું છું. તેવો વિડીયો બનાવી સરપંચ વિરૂધ્ધ પણ આક્ષેપો કર્યો છે.

રમેશભાઈ ડાભી ત્રણ ભાઈ અને ત્રણ બહેનમાં બીજા છે. સંતાનમાં એક પુત્રી અને બે પુત્ર છે. પરિવારજનોએ



જણાવ્યું હતું કે, વ્યાજખોરીમાં ફસાઇ જવાને કારણે તેઓ દવા પી ગયા છે અને હાલત ગંભીર છે.તેમના પુત્રએ એક વિડીયો રજૂ કર્યો હતો.

ઝેર પીધા પુર્વે રમેશભાઇએ મોબાઇલમાં આ વિડીયો બનાવ્યો હતો.રમેશભાઈએ વિડીયોમાં આક્ષેપો સાથે જણાવ્યું હતું કે, જય માતાજી આજે હું આત્મહત્યા કરું છું તેનું કારણ મારે તકલીફ બહુ વધી ગઈ છે. વ્યાજના ચક્કર બહુ ચડી ગયા છે, વ્યાજ કે હપ્તા ભરી શકતો નથી, વર્ષથી હું કોઇને વ્યાજ આપ્યુ નથી, મારો ધંધો ચાલુ થતો નથી, હજુ ઉઘરાણી ચાલુ છે. ધંધો ચાલુ કરુ ત્યાં જ માથે આવીને ઉભા રહી જાય છે કે લાવો પૈસા ધંધો ચાલુ થવા જ દેતા નથી. ઉઘરાણી ચાલુ જ રાખે છે, મારુ મગજ કામ કરતું નથી. બાજુનું કારખાનુ બેંક વેંચી નાખ્યું છે, સસ્તા ભાવમાં, અઢી કરોડનું કારખાનુ એક કરોડ છ લાખમાં વેંચી નાખ્યુ છે. સરપંચે લઈ લીધુ છે, મારે એમને પણ પૈસા દઇ દેવા છે. મને ચાર છ મહિના વરસ મળી જાત તો વ્યવસ્થા કરી દેત, પણ ટોચેર ચાલુ જ રહ્યું છે. એટલે હું આગળ વધી શકતો નથી, મને કંઈ સુઝવા દેતા નથી. બાજુનું કારખાનુ મંડળી પાસેથી લખાણ કરી પૈસા લીધા હતાં. તેમને એક કરોડ સાઈઠ લાખ દેવાના છે, ફાઇલ છોડાવીને લઈ લીધી છે. આ કારખાનુ પણ સસ્તા ભાવે વેંચાઈ જશે. મારુ બધુ જતું રહેશે. મેન્ટલી ટોર્ચર કરી મારુ કારખાનુ પડાવી લીધુ છે. ભત્રીજાને મોકલતાં તે મગજમારી કરતો હતો. તેમના ભાઈ પણ ભેગા થાય ત્યારે કડક ઉઘરાણી કરતાં હતાં.હું એમને શાંતિથી સમજાવતો હતો. મારો ધંધો ચાલુ થતો નથી, લોકડાઉન પછી મારો ધંધો જ લોક થઈ ગયો હતો, મુળી હતી તે વ્યાજ અને હપ્તામાં જતી રહી. બીજી રકમ વ્યાજે લઈ હપ્તા ભર્યા.બે અઢી વર્ષથી મેં આવુ જ કર્યુ છે. પણ મારી પાસે કંઈ રહ્યું નથી. માંડ સેટીંગ કરવા જાઉં ત્યાં ઉઘરાણી ચાલુ થઈ જતી હતી. મારી પર મેન્ટલી ટોર્ચર ચાલુ રહેતું હતું. જેથી કરીને હું આત્મહત્યા કરું છું. મારુ બીજુ કારખાનુ પણ જતું રહેશે, એ વેંચી નાખવામાં આવશે. હવે મારે ક્યાં જવું? મારા છોકરા શું કરશે? એ સમજાતું નથી એટલે હું આત્મહત્યા કરુ છું...જય માતાજી. રમેશભાઈ બેભાન હોઈ તેમનું નિવેદન નોંધી શકાયું નથી. પોલીસે વિડયોને આધારે તપાસ હાથ ધરી છે..

# પુનિતનગરના પ્રૌઢના પુત્રને યુ.કે.માં વિઝા આપવાની લાલચ આપી સુરતના શખ્સે પડાવ્યા રૂા.૧૪.૧૮ લાખ

## પ્રૌઢ પાસેથી નાણાં ખંખેરી શખ્સે ખોટા એપોઈન્ટમેન્ટ લેટર આપ્યાઃ તાલુકા પોલીસમાં ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના પ્રૌઢે તેમના પુત્ર માટે યુકેના વિઝા કરાવવા હોઈ અને તેને નોકરી કરવા મોકલવો હોઈ જેથી તેઓ સુરતના ગઠિયાના પરિચયમાં આવ્યા હતા. અને આ શખ્સે તેમની પાસે રૂ.૧૪.૧૮ લાખ પડાવ્યા હતા. અને ખોટો એપોઈન્ટમેન્ટ ન્ટમેન્ટ લેટર આપી છેતરપિંડી કરતાં તાલુકા પોલીસે કાર્યવાહી કરી છે. વિગતો મુજબ શહેરમાં પુનિતનગર વિસ્તાર પાછળ ૮૦ ફૂટ રોડ પર રહેતા અરવિદભાઈ ભીમજીભાઈ કાછડીયાએ નોંધાવેલી ફરિયાદમાં આરોપીમાં સુરતના જૈમીન હિંમતભાઈ લાઠીયાનું નામ આપતા જણાવ્યું હતું કે, તેમના દીકરા કૌશલ કાછડીયાને યુકેમાં પાંચ વર્ષના વિઝા અને નોકરી અપાવી હોઈ જેથી તેમણે આરોપીનો પરિચય તેમના મિત્ર દ્વારા થયો હતો. અને આરોપી જૈમીને પોતે વિઝા ત્રણ માસમાં આપવી દેશે તેમ વાત કરી હતી. અને ખર્ચ ૧૫ લાખ થશે તેવી વાત કરી હતી. જેથી ફરિયાદીએ કટકે કટકે આરોપીને પૈસા મોકલ્યા હતા. અને કુલ ૧૪.૧૮ લાખ આંગડિયા મારફત મોકલી આપ્યા હતા. તો સામે આરોપી જૈમીનએ પ્રૌઢ પુત્રના વિઝા કરાવવા જતાં ગઠિયાની ચુંગાલમાં ફસાયા નકલી એપોઈન્ટમેન્ટ લેટર મોકલતા ભાંડો ફૂટ્યો, તાલુકા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી અરવિદભાઈને અમદાવાદમાં વિઝાની ઓફિસે જવા માટેનો એપોઈન્ટમેન્ટ લેટર મોક્યો હતો. અને અરવિદભાઈ તેના પુત્ર સાથે ઓફિસ પર ગયા હતા. અહીં તેઓને ખબર પડી હતી. કે લેટર અને તમામ ડોક્યુમેન્ટ નકલી છે. જેથી આરોપીનો સંપર્ક કરતાં તેને ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું.જેથી તેમની સાથે છેતરપિડી થયાનું માલૂમ પડતાં તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. અને આ મામલે ગુનો નોંધી આગળની તપાસ પીએસઆઈ કે.એચ.કારેણા છળવી રહ્યા છે.

# થોરાળાની યુવાનની હત્યા કરી એક આરોપી ચોટીલા દર્શન કરવા ગયો બીજો મુંબઈ ભાગી ગયો

## ઝડપાયેલા આરોપીની કબુલાતઃ અવાર નવાર શંકા કરી ગાળો ભાંડતો હોવાથી પથ્થરના ઘા ઝીંકી નિતીનને પતાવી દીધો'તો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

નવા થોરાળામાં રહેતો અને બે દિવસથી લાપતા યુવકની આજી નદીના કાંઠેથી હત્યા કરાયેલી લાશ મળી આવ્યાની ઘટનામાં મૃતકના ભાઈની ફરિયાદ પરથી થોરાળા પોલીસે મિત્ર એવા આરોપીની ધરપકડ કરી પુછતાછ કરતા હત્યાનો ભોગ બનનાર શંકા કરી જ્યાં મળે ત્યાં ગાળો ભાંડતો હોવાથી પથ્થરના ઘા ઝીકી મોતને ઘાટ ઉતારી દીધો હોવાનું કબૂલાત આપી હતી કોહવાયેલી લાશની ઓળખ હાથમાં ત્રોવેલા ટેટુથી થઈ હતી



ગુરૂપૂર્ણિમા હોય માતાજી બચાવી લેશે તેવું મનોમન માની ચાલીને ચોટીલા માતાજીના દર્શન કરવા ગયો હોવાનું અને એક આરોપી પાસે દસ હજાર રૂપિયા હોય તે મુંબઈ ભાગી ગયો હોવાનું જાણવા મળતા પોલીસે તેને ઝડપી લેવા તજવીજ હાથ ધરી છે.

નવા થોરાળાના ગોકુલપરામાં રહેતો નીતિન ઉર્ફે નીખીલ ઉર્ફે નાથો પરશોતમભાઈ સોલંકી ઉ.૨૧ ગત ૨૦ તારીખે રાત્રે ઘરે પરત નહિ આવતા પરિવારજનોએ પોલીસને જાણ કરી શોધખોળ કરતા તે શનિવારે રાત્રે મનોજ અને કરણ સાથે આજી નદી તરફ જતો જોવા મળ્યો હોવાનું જાણવા મળતા પરિવારે નદી કાંઠે તપાસ કરતા ગત મોડી રાત્રે નીતિનની કોહવાયેલી લાશ મળી આવતા મૃતકના ભાઈ ધીરુ ઉર્ફે કિશનની ફરિયાદ પરથી મનોજ પ્રવીણભાઈ મકવાણા અને કરણ હેમતભાઈ રાઠોડ સામે હત્યાનો ગુનો નોંધી પીઆઈ વાઘેલા, પીએસઆઈ મહેશ્વરી સહિતે મનોજની ધરપકડ કરી હતી પ્રાથમિક પુછતાછમાં નીતિનના છૂટાછેડા થઇ ગયા હોય તે મિત્ર કરણ ઉપર શંકા કરતો અને જ્યાં મળતો ત્યાં ગાળાગાળી કરતો હોવાથી શનિવારે રાત્રે નીતિનને બોલાવી નદીકાંઠે ગયા ત્યાં ફરી ઝઘડો થતા મેં અને કરણએ પથ્થરના ઘા ઝીકી પતાવી દીધો હોવાની કબૂલાત આપી હતી ગુરૂપૂર્ણિમા હોય જેથી માતાજી બચાવી લેશે તેવું માની મનોજ ચાલીને ચોટીલા પહોચ્યો હતો અને માતાજીના દર્શન કર્યા હતા જયારે કરણ પાસે દસ હજાર રૂપિયા હોય તે મુંબઈ ભાગી ગયો હોવાનું જણાવતા પોલીસે તેને પણ પકડવા તજવીજ હાથ ધરી છે.

# કોલેજની ૨૫ હજાર ફી ભરવામાં મોડુ થતા યુવતીનો આપઘાતનો પ્રયાસ

## જસદણમાં પરપ્રાંતિય યુવાનને પત્ની સાથે ફોનમાં ઝઘડો થતા વખ ઘોળ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પડધરી પંથકમાં રહેતી અને રાજકોટમાં કોલેજમાં અભ્યાસ કરતી કોલેજીયન યુવતીએ રૂ.૨૫૦૦૦ની ફી ભરવામાં મોડું થતા તેની ચિંતામાં ગળેફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. યુવતીને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવી હતી.

આ અંગેની માહિતી મુજબ પડધરી પથકમાં રહેતી અને રાજકોટમાં ગીતાંજલી કોલેજમાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતી ૨૦ વર્ષની કોલેજીયન યુવતી પોતાના ઘરે હતી ત્યારે સવારના સાડા આઠેક વાગ્યાના અરસામાં પાઈપમાં સાડી બાંધી ગળેફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. યુવતીને બેશુદ્ધ હાલતમાં તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. પ્રાથમિક પૂછપરછમાં આપઘાતનો પ્રયાસ કરનાર યુવતી બે ભાઈની એકની એક મોટી બહેન છે. અને તેના પિતા ડ્રાઈવિંગ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. યુવતી રાજકોટમાં ગીતાંજલી કોલેજમાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરે છે. અને કોલેજની રૂ.૨૫ હજાર ફી ભરવામાં મોડું થતા આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું જાણવા મળ્યું છે.

અન્ય બીજા બનાવમાં મૂળ બિહારના વતની અને જસદણમાં રહેતા જીતેન્દ્ર વિશ્વનાથ રામ નામનો ૨૮ વર્ષનો યુવાન જસદણ બસ સ્ટેશનની બાજુમાં હતો ત્યારે વતનમાં લગ્ન પ્રસંગમાં ગયેલી પત્ની કલાવતી સાથે ફોનમાં ઝઘડો થતા તેને માઠુ લાગી આવતા ઝેરી દવા પી લીધી હતી. યુવકને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ઉપરોક્ત બન્ને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ડીજીપી કપમાં ભક્તિનગરના પીઆઈ સહિત આઠ ખેલાડીઓએ મેડલ મેળવ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ પોલીસ ગુનેગારોને પકડવામાં ઉસ્તાદ છે એટલું જ નહીં બલ્કે વિવિધ રમતોમાં પણ માહેર હોવાનું એક નહીં અનેક વખત પૂરવાર થઈ ચૂક્યું છે. અમદાવાદ ખાતે પહેલી વખત ડીજીપી કપ પાવરલિફ્ટિંગ ટૂર્નામેન્ટ- ૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સિટી પોલીસના ૮ ખેલાડીઓએ ભાગ લઈને ૬ મેડલ જીતી ટોપ રેન્ક હાંસલ કર્યો હતો.




જે ખેલાડીને ગોલ્ડ મેડલ મળ્યો છે તેમાં એએસઆઈ કર્મદીપ ઉદયભાઈ, પોલીસ કોન્સ્ટેબલ અજયભાઈ ભીખાભાઈ, મહિલા પોલીસ કોન્સ્ટેબલ શિલ્પાબેન વાલજીભાઈ, માલવીકાબેન દિલીપભાઈનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ભક્તિનગર પોલીસ મથકના પીઆઈ મયુરધ્વજસિંહ એમ. સરવૈયા અને મહિલા પોલીસ કોન્સ્ટેબલ શિલ્પાબેન પ્રતાપભાઈએ સિલ્વર મેડલ હાંસલ કર્યો હતો. ખેલાડીઓએ જ્વલંત પ્રદર્શન કર્યા બાદ રાજકોટ પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝાની મુલાકાત કરી હતી. પોલીસ કમિશનર દ્વારા તમામ ખેલાડીઓને અભિનંદન પાઠવી આગામી સમયમાં હજુ વધુ શાનદાર પ્રદર્શન કરી રાજકોટ પોલીસનું નામ રોશન કરે તેવી શુભકામના પાઠવી હતી.

# ગોંડલ, વિંછીયા લોક દરબારમાં જેતપુરના ત્રણ લોકોને ત્રાસ આપતા વ્યાજખોરો સામે ફરિયાદ નોંધાઈ

## ગોંડલના યુવાને માતાની સારવાર માટે, જેતપુર અને વિંછીયાના ધંધાર્થીએ વેપાર માટે વ્યાજખોરો પાસેથી પૈસા લઈ આપી દીધા છતાં વધુ વ્યાજની ઉઘરાણી કરતાં

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્ય સરકાર દ્વારા વ્યાજખોરો પર લગામ લગાવવા માટે તબક્કાવાર ઝુંબેશ શરૂ કરી લોક દરબાર યોજવામાં આવી રહ્યો છે. જેમાં ગોંડલ, વિછીયા અને જેતપુરમાં ત્રણ વ્યક્તિઓને ત્રાસ આપતા ૬ વ્યાજખોરો સામે પોલીસે ગુનો નોંધી તેઓની ધરપકડ કરી છે.

પ્રથમ બનાવમાં ગોંડલના માર્કેટીંગ યાર્ડ પાછળ શિવમ રેસીડેન્સીમાં રહેતા કિશન રાજુભાઈ માટીયા (ઉ.૨૦) નામના ભરવાડ યુવાનને બે વર્ષ પહેલા માતાના ઓપરેશન માટે પૈસાની જરૂરીયાત હોય ગોંડલના ઘનુભા જાડેજા પાસે બાઈક ગીરવે મુકી ૧૫ હજાર વ્યાજે લીધા હતાં. બાદમાં પૈસાની સગવડ ન થતાં પોતાનું બાઈક પરત લેવા જતાં વ્યાજખોરે ૬૫ હજાર આપી જા અને તારું બાદ બાઈક લઈ જા તેમ કહી ઓફિસમાંથી કાઢી મુકી જાનથી મારી નાખવાની ધમકી આપતા પોલીસમાં ફરિયાદ કરી હતી. બીજા બનાવમાં વિંછીયાના ખોડીયારપરામાં રહેતા અને ગેરેજ ધરાવતાં જયેશભાઈ ભનુભાઈ મકવાણા (ઉ.૩૬) નામના કોળી યુવાનના પાંચેક મહિના પહેલા પૈસાની જરૂરીયાત ઉભી થતાં ભાભલુભાઈ કાઠી પાસેથી પાંચ હજાર પાંચ ટકાના વ્યાજે લીધા હતાં. જેનો દર મહિને ૨૫૦નો હપ્તો હતો. જેની પઠાણી ઉઘરાણી કરી ધમકી આપતાં પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. અને ત્રીજા બનાવમાં જેતપુરના અમરનગર રોડ પર આવેલા વિવેકાનંદ સ્કૂલ પાછળ સ્વામીનારાયણ નગરમાં રહેતા કલરનો ધંધો કરતાં સત્યેન્દ્રસિંહ ઉર્ફે સિકંદર બુધનસિંગ કુશવાહા (ઉ.૪૦) નામના વેપારી યુવાને પોલીસમાં નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે જૂનાગઢ મહિપતભાઈ બસીયા, જેતપુરના રબારીકા ગામના અશોકભાઈ કાઠી, જેતપુરના દેવાભાઈ ભરવાડ, રબારીકા ગામના કાનાભાઈ કાઠીનું નામ આપ્યું છે. તેઓનો ધંધો ભાંગી પડતાં પૈસાની જરૂર પડતાં ચાર વ્યાજખોરો પાસેથી? રકમ વ્યાજે લીધી હતી. અને બાદમાં ફરિયાદીએ પોતાના મકાન પર લોન લઈ મહીપતભાઈ બસીયાને ૮ લાખ રૂપિયા અશોકભાઈને સાત લાખ રૂપિયા દેવાભાઈને ૨.૩૦ લાખ અને કાનભાઈ કાઠીને ૨.૭૦ લાખ આપી દીધા હોવા છતાં આરોપીઓ વધુ વ્યાજ અને પૈસાની ઉઘરાણી કરી હેરાન કરતાં હોય આ બાબતે પોલીસને જાણ કરતાં પોલીસે ગુનો નોંધી વ્યાજખોરોની ધરપકડ કરી છે.

# ટંકારા-અમરાપર રોડ ઉપર બાઈક સાથે ખૂંટિયો અથડાતા યુવાનનું મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ટંકારા મોરબી શહેર અને જિલ્લામાં રસ્તે રઝળતા ઢોરનો ત્રાસ વધી રહ્યો છે ત્યારે ટંકારા - અમરાપર રોડ ઉપર કાકાની દીકરીની સગાઈના પ્રસંગમાં જતા પુવાનનું બાઈક ખૂંટિયા સાથે અથડાતા બાઈક ચાલક હજનાળી ગામના પુવાનનું મૃત્યુ નીપજ્યું હતું. બનાવ અંગે જાણવા મળતી વિગતો મુજબ મોરબી તાલુકાના હજનાળી ગામે રહેતા અને વાડી ગારવાનું કામ



કરતા દેવશીભાઈ ઓધવજીભાઈ પંધુકિયા ૭.૩૫ રહે.હજનાળી ગામ વાળા આજે તેમની કાકાની દીકરીની સગાઈનો પ્રસંગ હોય બાઈક લઈને જતા હતા ત્યારે ટંકારા - અમરાપર રોડ ઉપર બાઈક આડે ખુટિયો ઉતરતા આ અકસ્માતમાં આશાસ્પદ યુવાનનું મૃત્યુ નીપજયું હતું. હાલમાં બનાવ અંગે ટંકારા પોલીસે તપાસ શરૂ કરી છે.

# ભગવતીપરાના ઓવર બ્રિજ નીચેથી રીઢો તસ્કર ઝડપાયો

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ શહેરમાં મિલક્ત વિરોધી ગુનાઓ અટકાવવા અને નાસતા ફરતા આરોપીઓને શોધવા અંગેની સુચનાના પગલે ક્રાઈમ બ્રાંચના પીએસઆઈ ડી.સી.સાકરીયાની સુચનાથી હેડ કોન્સ્ટેબલ વિજયરાજસિંહ તથા કોન્સ્ટેબલ વિજયભાઈ મહેતા તથા કુલદિપસિંહ સહિતના સ્ટાફ સામાકાંઠા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે, એરપોર્ટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઘરફોડ ચોરી કરનાર રીઢો તસ્કર સુરેશ ઉર્ફે સુરીયો રમેશ



ઉર્ફે હસમુખ વાઘેલા (રહે.હાલ રતનપર તા.વલ્લભીપુર,ભગવતીપરા શેરી નં.૧)નામનો શખ્સ ભગવતીપરાના ઓવર બ્રિજ નીચે હોવાની હકીક્ત મળતા પોલીસે તેને દબોચી લઈ વધુ તપાસ હાથ ધરી છે.

# આઈપીઓમાં રોકાણ કરવાની લાલચ આપી વિપ્ર પ્રૌઢ સાથે શખ્સે કરી રૂ.૨.૨૩ કરોડની ઠગાઈ

**મુખ્ય સમાચાર રાજકોટ**

કાલાવડ રોડ પર આત્મીય કોલેજ સામે એપાર્ટમેન્ટમાં રહેતા વિપ્ર પ્રૌઢને આઈપીઓમાં રોકાણ કરવાની લાલચ આપી શખ્સે રૂ.૨.૨૩ કરોડની ઠગાઈ કરતા ગાંધીગ્રામ-૨ યુનિ.પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

આ અંગેની માહિતી મુજબ આત્મીય કોલેજ સામે રામ પાર્કમાં આવેલા યોગીઆશિષ એપાર્ટમેન્ટમાં રહેતા અને ઈમીટેશનનો વેપાર કરતા જીજ્ઞેશભાઈ રમેશભાઈ વ્યાસ નામના વિપ્ર પ્રૌઢે ગાંધીગ્રામ-૨ યુનિ.પોલીસમાં કાલાવડ રોડ પર આત્મીય કોલેજ પાછળ સત્યસાંઈ હોસ્પિટલ પાસે આશોપાલવ સ્પ્રીઝ્સ કોપર એપાર્ટમેન્ટમાં રહેતો પુષ્કરધામ મેઈન રોડ પર ઓફિસ ચલાવતો પ્રકાશ રતનસી ચુડાસમા વિરુધ્ધ ફરિયાદ નોંધાવી છે કે, આ શખ્સે ફરિયાદી તથા સાહેદોને કહેલ કે આઈપીઓમાં રોકાણ કરો તમને સારું વળતર અપાવીસ તેમ વિશ્વાસમાં લઈ રૂ.૨.૨૩ કરોડ રોકાણ કરવાને બહાને મેળવી બાદમાં ઓળવી જઈ છેતરપિંડી કરતા ફરિયાદ નોંધાઈ છે. બનાવને પગલે પીએસઆઈ વી.એન.બોદરએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# લોધીકાની જમીનમાં વારસાઈ માટે ૨૦ વર્ષથી ચાલતા ભાઈ-બહેનના વિવાદનો સુખદ અંત

## મીડિયેશન સેન્ટરના પ્રયાસો દ્વારા સમાધાન થયુંઃ ભાઈઓ-બહેનને સરખા હિસ્સામાં જમીન વહેચણી કરાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોધીકા ગામે આવેલ વારસાઈ જમીનની માલિકીના તકરાર અંગે છેલ્લા ૨૦ વર્ષથી ભાઈઓ-બહેનો વચ્ચે ચાલી રહેલા અબોલા અને વિવાદનો મિડીએશન સેન્ટરની થવાથી સુખદ સમાધાન થયું છે.

આ કેસની હકીકત મુજબ લોધીકા ગામે આવેલ વારસાઈ મિલકતના હક હિસ્સાની તકરાર બાબતે હંસાબા પરમાર (રહે રાજકોટ) દ્વારા લોધિકાની કોર્ટમાં તેમના ભાઈઓ માધવસિંહ, પ્રકાશસિંહ, હેમંતસિંહ, રણજીતસિંહ, કિરીટભાઈ અને તેમની

બહેન રંજનબેન સામે વિજ્ઞાપન અન્યયેનો દાવો દાખલ કરવામાં આવ્યો હતો. અને જે કામમાં લોધિકા કોર્ટ દ્વારા તમામ સામાવાળાને નોટીસ ઇસ્યુ કરવામાં આવતા તેઓ કોર્ટમાં હાજર થયા હતા અને કેસ રાજકોટ ડિસ્ટ્રિક્ટ મીડીએશન સેન્ટરની મીડીયેશન માટે રિફર કરવામાં આવ્યો હતો. રાજકોટ મીડિએશન સેન્ટરના મીડિયેટર દ્વારા તમામ પક્ષકારો સાથે મીડીએશન સેન્ટર ખાતે બે વાર મીટીંગ કરવામાં આવી હતી અને મૂળ સમસ્યાનું કારણ શું હોય તે અંગે તપાસ કરવામાં આવતા અને તમામ પક્ષકારોએ પણ હકારાત્મક અભિગમ દર્શાવેલ તેથી મીડિયેટર દ્વારા સમાધાન અંગે પક્ષકારોની ઈચ્છા મુજબ ફોર્મ્યુલા તૈયાર કરવામાં આવેલી હતી અને પક્ષકારો રાજી ખુશીથી સમાધાન કરવા તૈયાર થયા હતા અને વારસાઈ મિલકતમાં તમામ ભાઈઓ બહેનો વચ્ચે એક સરખો ભાગ પાડી વહેંચણી કરવાનું મીડિયેશન સેન્ટરમાં સમાધાન લેખિતમાં થયું હતું આ મીડીએસ કેસનું સુખદ સમાચાર રાજકોટ સેન્ટરના- અધ્યક્ષ કે.એમ. ગોહેલના માર્ગદર્શન હેઠળ તેમજ મીડીસન સેન્ટર દ્વારા કામમાં મીડિયેટર તરીકે એડવોકેટ સ્તવન જી. મહેતાની નિમણૂક કરવામાં આવી હતી.